સળંગ અંક ૪૨ ઓક્ટોબર - ૨૦૧૦

શ્રી સ્વામિનારાયણ

માસિક

કિંમત રૂ. ૫-૦૦



જલઝીલણી એકાદશી વરઘોડો


પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧













૧. આપણા શ્રી નરનારાયણ દેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર કરાંચી (પાકિસ્તાન) શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઉજવતા હરિભક્તો. ૨. કરાંચી (પાકિસ્તાન) આપણા મંદિરમાં શ્રી રાધાકૃષ્ણ દેવ સમક્ષ શ્રી ગણપતિ ઉત્સવ ૩. ટોરન્ટો કેનેડા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજી સમક્ષ અન્નકૂટ દર્શન. ૪. આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કોલી (યુ.કે.) શ્રી રાધાકૃષ્ણ દેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા શા.સ્વામી વિશ્વવલ્લભદાસજી તથા નરનારાયણ સ્વામી. ૫. શીકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જલજીલણીના ઉત્સવ દરમ્યાન સંતો તથા હરિભક્તો ૬. કર્મશક્તિ (અમદાવાદ)સમુહ મહાપૂજા પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી.



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ · પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.in
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૪ અંક: ૪૨ ઓક્ટોમ્બર-૨૦૧૦

અ નુ ક્ર મ ણિ કા

૧. અસ્મદીયમ્	૨
૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩. પ્રદક્ષિણા વિધિ	૪
૪. ભરતખંડમાં શ્રી નરનારાયણદેવની ઉપાસના	૬
૫. વિધવા કું સ્પર્શત નહિ કરત ન આત્મઘાત	૭
૬. નિયમોની દૃઢતા	૯
૭. કવીશ્વર દલપતરામ	૧૧
૮. શરણાગતિથી જ આત્યંતિક કલ્યાણ સધાય છે	૧૨
૯. શ્રીહરિકૃત આચાર્યપદ સ્થાપન નિરૂપણ	૧૩
૧૦. રામ અને રાવણ	૧૫
૧૧. આનંદની હેલી	૧૭
૧૨. સત્સંગ સુરભિ	૧૮
૧૩. સત્સંગ બાલવાટિકા	૧૯
૧૪. ભક્તિ સુધા	૨૧
૧૫. પ્રશ્નપેટી	૨૪
૧૬. સત્સંગ સમાચાર	૨૫

અસ્મદીયમ

સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને આ જીવના ઉપર એટલી બધી કૃપા કરી છે કે આ દુર્લભમાં દુર્લભ મનુષ્ય દેહ તો આપ્યો સાથે સાથે આવો અદ્‌ભુત સત્સંગમાં જન્મ આપીને આપણા ભાગ્યના દ્વાર ખોલી નાખ્યા છે. નહીં તો આપણે ક્યાંના ક્યાં ભટકતા હોત, આપણા સંપ્રદાય જેવી પ્રણાલી ક્યાંય જોવા નથી મળતી.

આ કળિકાળમાં તો ભગવાનને મેળવવા માટે હજારો વર્ષનું ઉગ્ર તપ, ઉપાસના કે મહાકષ્ટ વેઠવું પડતું નથી. શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકનું ચૂસ્ત પાલન કરવાથી આપણા ભગવાન તો રાજી થાય છે અને તેની સાથે દરેક મનોકામના સંકલ્પો પૂર્ણ કરે છે. ઘણા વર્ષોથી દર પૂનમે આપણા જેતલપુરધામના મહાપ્રતાપી સંકલ્પ પૂર્ણ કરતા સર્વોપરિશ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દર્શને અમદાવાદ અને ગામો ગામના ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તો ચાલતાં ચાલતાં અને સંકલ્પ કરતા કરતા દર્શને આવે છે. તેમાં ઘણા તો જેતલપુરનું નામ સુધ્ધા ન જાણતા હોય તેવા લોકો પણ દર્શને આવતા હોય છે. અને એકજ પૂનમની માનતાએ તેનું કાર્ય સિધ્ધ થઈ જાય છે અને તે ભગવાનનો ભગત બની જાય છે. સાવ સરળ પુરૂષાર્થ ! પણ તેમાં પુરેપુરી શ્રધ્ધા અને ભગવાનને સંપૂર્ણ સમર્પિત થઈ જવું પડે. તો જ ભગવાન પ્રસન્ન થાય અને સંકલ્પ પૂર્ણ કરે છે.

અરે, કોઈ તો એવા શ્રધ્ધાળુ જોવા મળે છે કે સાષ્ટાંગ દંડવત કરતાં કરતાં જતા જોવા મળે છે. ધન્ય છે આવા ભક્તોને ! આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો વિજયા દશમીના ૩૮ મો પ્રાકટ્યોત્સવ સાબરકાંઠા પ્રદેશના ઈડર મંદિરમાં ધામધૂમથી ઉજવવામાં આવશે. હવે આગામી દીપોત્સવી, છપ્પન ભોગ અન્નકૂટ દર્શન અને વિક્રમ સંવત ૨૦૬૭ નો શુભારંભ થશે. એટલે આપણે આખા વરસનું સરવૈયું કાઢવું કે ગત વર્ષે ભગવાનનું કેટલું ભજન, વ્રત, નિયમ અને શિક્ષાપત્રીનું પાલન કર્યું અને તેમાં જે કસર રહી હોય તે આ નૂતન વર્ષના આરંભથી જ ખટકો રાખી કસર રહેવા નથી દેવી એવો સંકલ્પ કરીને ભગવાનનું ભજન વિશેષ કરીએ એજ નૂતન વર્ષના મંગલ પ્રભાતે શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના છે.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(સપ્ટેમ્બર-૨૦૧૦)



૨૭. ઓગસ્ટ થી ૬. સપ્ટેમ્બર : અમેરિકાના ધર્મપ્રવાસે પધરામણી.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ શ્રી ગણેશ ચતુર્થી પ્રસંગે પૂજન આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.
શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા શ્રી ગણેશ ચતુર્થી પ્રસંગે પધરામણી.
શ્રીજી સેની ટ્રેડ પ્રા.લી.માં પધરામણી, રખીયાલ.
પ.ભ. ગૌરવ પ્રવિણભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, નવા નરોડા.

૧૨. સીમરીકંપા પધરામણી.

૧૫-૧૬. સામત્રા (કચ્છ) પધરામણી.

૧૯. જલઝીલણી એકાદશી શ્રી ગણપતીજીના વરઘોડામાં પધાર્યા.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ મહાપૂજા પ્રસંગે પધરામણી તથા ત્યાં અન્ય હરિભક્તોને ત્યાં પધરામણીઓ.

આપણા આગામી ઉત્સવો

આસો સુદ-૧૨ : તા. ૧૯-૧૦-૨૦૧૦ મંગળવાર ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજનો પાટોત્સવ

આસો સુદ-૧૫ : તા. ૨૨-૧૦-૨૦૧૦ શુક્રવાર શરદ પૂનમ.

આસો સુદ-૧૫ : તા. ૨૩-૧૦-૨૦૧૦ શનિવાર મુકુટોત્સવ પૂનમ.

આસો વદ-૨ : તા. ૨૫-૧૦-૨૦૧૦ સોમવાર શ્રી સ્વામિનારાયણ મંદિર બાવળા પાટોત્સવ.

આસો વદ-૧૨ : તા. ૩-૧૧-૨૦૧૦ બુધવારના રોજ વાઘબારશ, ધન તેરસ, ધન પૂજા રાત્રે ૭-૩૦ થી ૯-૩૦

આસો વદ-૧૩ : તા. ૪-૧૧-૨૦૧૦ ગુરુવારના રોજ કાળી ચૌદશ શ્રી હનુમાનજીનું પૂજન આરતી સાંજે : ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે.

આસો વદ-૧૪ : તા. ૫-૧૧-૨૦૧૦ શુક્રવારના રોજ દીપોત્સવી-દિવાળી અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પ્રસાદીના સભા મંડપમાં સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન સાંજે ૬-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર સંપન્ન થશે.

આસો વદ-૩૦ : તા. ૬-૧૧-૨૦૧૦ શનિવાર અમાવાસ્યાના રોજ શ્રી ગોવર્ધન પૂજન-બલિપૂજન ઠાકોરજીને અન્નકૂટોત્સવ અન્નકૂટ દર્શન : બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ કલાક સુધી.

કારતક સુદ-૧/૨ : તા. ૭-૧૧-૨૦૧૦ રવિવાર નૂતન વર્ષ પ્રારંભ.
મંગળા આરતી : સવારે ૫-૦૦ કલાકે
શણગાર આરતી : સવારે ૬-૩૦ કલાકે
રાજભોગ આરતી : સવારે ૧૦-૧૦ કલાકે
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થશે. ત્યારબાદ બેઠક (ઓફિસ)માં દર્શન આશીર્વાદનો લાભ મળશે.

કારતક સુદ-૫ : તા. ૧૦-૧૧-૨૦૧૦ બુધવારના રોજ લાભ પાંચમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા બાલસ્વરૂપ કષ્ટભંજનદેવનો પાટોત્સવ-સમૈયો.

કારતક સુદ-૯ : તા. ૧૫-૧૧-૨૦૧૦ સોમવાર શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારા પાટોત્સવ

કારતક સુદ-૧૨ : તા. ૧૮-૧૧-૨૦૧૦ ગુરુવાર શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવનો પાટોત્સવ, શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ.

પ્રદક્ષિણા વિધિ



- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણી વૈદિક તથા પૌરાણિક પૂજા-દર્શન વિધિઓમાં મુમુક્ષુ ભગવાનના મંદિર પ્રત્યે દર્શન કરવા જાય, ત્યારે ભગવાનના સ્વરૂપની પ્રસન્નતા અને દિવ્ય ગુણોને મેળવવા વિવિધ પ્રકારની પૂજા અને પ્રણામ(નમસ્કાર)ની જરૂરી વિધિ આપણા ઋષિયો, સંતોએ પ્રવતાવેલ છે. તે પૈકી ભગવાનના મંદિરમાં ભગવાનના સ્વરૂપની પ્રદક્ષિણા (પરિક્રમા) વિધિ બહું જ સુંદર અને સચોટ વર્ણવેલી છે. અન્ય વિધિયોની અહીં ચર્ચા નહિ કરીએ પણ પરિક્રમા વિષે કહીશું તો,

ભગવાનને પ્રણામ કરીને પરિક્રમા કરવી ખૂબજ જરૂરી હોય છે. આપણા ઈષ્ટદેવ શ્રીહરિ અમદાવાદ કે વડતાલ મંદિરોમાં જ્યારે રોકાતા ત્યારે અચૂક ભગવાનની પરિક્રમાઓ કરતા.

પરિક્રમા કેવી રીતે કરવી તો, ભગવાનના જમણા હસ્ત તરફથી શરૂ કરીને ડાબે હસ્તે આવવું. ભગવાનને પ્રણામ દર્શન કરી પરિક્રમા શરૂ કરવી, અને એક પરિક્રમા કરીને ભગવાનના સન્મુખ ઉભા રહીને પ્રણામ દર્શન કરવા. ત્યારબાદ બીજી પરિક્રમા શરૂ કરીને પૂર્ણ કરતાં વળી દર્શન પ્રણામ કરવા. તેમાં પણ જો એક એક પરિક્રમાએ અષ્ટાંગ દંડવત પ્રણામ થાય તો ઉત્તમ અને જો તેમ ન થાય તો સન્મુખ ઉભા રહીને દર્શન પ્રણામ તો જરૂર કરવા જ. પછી જ બીજી પરિક્રમા શરૂ કરવી.

જો મુમુક્ષુ સન્મુખ ઉભો રહીને દર્શન પ્રણામ કર્યા વગર ચાલ્યા જ કરે તો તેની બીજી પ્રદક્ષિણા ગણાતી નથી. એમને એમ સો વાર ફરે તો પણ એક પરિક્રમા જ ગણાય છે.

પરિક્રમા ક્યારે ન કરવી તો, ભગવાન દિવસે-રાત્રે પોઢ્યા હોય, થાળ જમતા હોય, પૂજારી વસ્ત્ર બદલાવતા હોય, આરતી થતી હોય, ભગવાનના ટેરામાં પડદા હોય ત્યારે પરિક્રમા કરવાથી અપરાધ થાય છે. જ્યારે ભગવાનનાં દર્શન ચાલું હોય ત્યારે જ પરિક્રમા કરી શકાય છે. કેટલાક લોકોને ડૉકટરે સવારમાં ચાલવાનું કહ્યું હોય તેથી ભગવાન પોઢ્યા હોય અથવા પૂજારી મંગળાની સેવા કરતા હોય તો પરિક્રમા કરે તો તેમાં ભગવાનનો અપરાધ થાય છે. એક પરિક્રમા કરીને પ્રણામ કરવા. પછી બીજી પરિક્રમા કરવી. તે જ સાચી પરિક્રમા ગણાય છે. પરિક્રમાનો મહિમા ખૂબજ છે. પરિક્રમા કરવી એટલે કે જેની પરિક્રમા કરીએ તેને વશ કરવા. અર્થાત્ જે પરિક્રમા કરે તેને તે સ્વરૂપ વશ થઈ જાય છે. પરિક્રમા કરનારાનો જેમ ભગવાનનો સદાય જય થાય, એમ વિજય થાય છે. અખિલ ભુવનાધિપતિને સહજ વશ કરવા હોય તો પરિક્રમા શ્રધ્ધા અને યથાવિધિ કરવી.

પરિક્રમા કેટલી કરવી તે વિષે.

एका चण्ड्यरवेः सप्त तिस्त्रः कार्याः विनायके

हरेश्चतस्त्र कर्तव्या शिवस्चार्ध प्रदक्षिणा-

आह्निकसूत्र

આન્ટીક સૂત્રમાં લખ્યું છે કે, દેવીને એક, સૂર્યદેવને સાત, ગણેશજીને ત્રણ, હરિ (નારાયણ) ભગવાનને ચાર અને શિવજીને અડધી.

આપણા મંદિરોમાં નારાયણ પ્રધાન સ્વરૂપ છે તેથી ચાર પરિક્રમા કરવી. ચાર પરિક્રમા પૂર્ણ વિધિ ગણાય છે. વળી શ્રદ્ધા વધુ હોય તો ચાર ચારના ટૂકડે કરી શકાય, જેમ ૨૭x૪=૧૦૮ સત્તાવીશ વાર ચાર ચાર

પરિક્રમા કરવામાં આવે તો ૧૦૮ થાય.

प्रदक्षिणां ते प्रकरोति भक्तया चतुर्भुज यो हि
चतुभुजस्य ।
सतीर्थदानप्व्रत यज्ञ विद्या चतुविश्वाप्तोऽस्ति
भकद्दिमुकः ॥ वैच्छावरत्नम

એટલે કે ભગવાન ચતુર્ભુજ સ્વરૂપ શંખ ચક્ર ગદા પદ્મ ધારી છે. ભગવાન અને ભગવાનના ચાર આયુધો તે ભક્તને વશ થઈ જાય છે. અને તીર્થ, દાન, વ્રત, યજ્ઞ, વિદ્યાનું ફળ માત્ર ચાર પરિક્રમા કરવા વાળાને આપે છે. પરિક્રમા એટલે ભગવાનને સ્વાધીન (વશ) કરવાનું ઉત્તમ સાધન કહ્યું છે.

વળી અગ્નિ પુરાણમાં કહ્યું છે કે, चतस्त्र केशवेकुर्यात् सप्ताश्वेप्रदक्षिणाः એટલે કેશવ ભગવાનને ચાર અને પીપળાને સાત પરિક્રમા કરવી. દેવી, ગણેશજી, સૂર્ય, પીપળો, ગાય, માતા પિતા, શિવજી આદિ પરિક્રમાનો પરિક્રમા વિધિ શાસ્ત્રોમાં ખૂબજ વર્ણવ્યો છે. તે વિષે વિસ્તાર નહી કરીએ. વિશેષ આપણા મંદિરોમાં પ્રધાન સ્વરૂપ "નારાયણ" પરબ્રહ્મની પરિક્રમા વિધિ વિષે જોઈએ તો.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં દરેક જગ્યાએ વ્રત-પૂજા-ઉપવાસ-કર્મકાંડમાં યથા વિધિ યથાશાસ્ત્રનો ઉલ્લેખ કર્યો છે. એટલે પરિક્રમા યથા વિધિ કરવામાં આવે તો જ ફળ મળે છે. અને ભગવાન પ્રસન્ન થાય.

ભગવાન ગણેશજીએ માતા પિતાની પરિક્રમા કરી તો શિવ-પાર્વતી પ્રસન્ન થયા અને રિધ્ધિ સિધ્ધિ અર્પણ કરી. અને કાર્તિક સ્વામી મયુર પર બેસીને પૃથ્વીની પરિક્રમા કરીને આવ્યા તો પણ માતા પિતાની પરિક્રમા કરનાર ગણેશજીને તુલ્ય ન થયા.

ભગવાન શ્રીરામના પિતામહ રઘુરાજા ગૌશાપ થવાના કારણે સંતાન વિહિન હતા. તો તેઓ ગાયની પરિક્રમાઓ કરીને શાપ મુક્ત થયા અને પુત્રવાન થયા.

પૂજાવિધિમાં લખ્યું છે કે,

यानिकानि च पापानि जन्मान्तर कृतानि च ।
तानिसर्वाणी नश्यन्तु प्रदक्षिण पदे पदे ॥

એટલે કે જન્મજન્માતરમાં જાણે અજાણે જે પાપ થઈ ગયા છે તે પ્રદક્ષિણા કરતાં કરતાં પગલે પગલે પાપનો ક્ષય થાય છે.

पदे पदेया परिपूजयक्मय सद्योश्वमेधादिफलंद्धाति ।
तां सर्वपाप क्षय हेतु भूता, प्रदक्षिणां ते परितः
करोति ॥

પરિક્રમા કરવાથી પગલે પગલે પૂજા ગણાય છે. તેને સર્વ ઐશ્વર્યાદિ મનોકામના પૂર્ણ થાય છે અને સર્વ પાપોનો નાશ થાય છે.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના શ્લોક નં. ૭૭ માં ચાતુર્માસના વિશેષ નિયમોમાં આઠ નિયમોને ઉત્તમ કહ્યા છે તે કથા, શ્રવણ, વાચન, કીર્તન, મહાપૂજા, મંત્રજાપ, સ્તોત્રપાઠ અને પ્રદક્ષિણાઓ કહી છે.

આપણા સંપ્રદાયમાં ઘનશ્યામમહારાજના જન્મભૂમિના છપૈયામાં પ્રસાદીના સ્થળોની પરિક્રમા કરવાની પરંપરા રહી છે. તથા વૈષ્ણવો વ્રજભૂમિ અને ગિરિરાજની ચાલતા ચાલતા કે દંડવત્ કરતા પરિક્રમા કરે છે. તેમજ ભગવાનની જન્મભૂમિ અયોધ્યામાં પરિક્રમાના સમયે લાખો ભક્તોની ભીડ થાય છે. જેનો ખૂબજ મહિમા છે.

પરિક્રમા ચાલતા ચાલતા કરી શકાય છે એમ દંડવત્ કરતા કરતાં પણ કરી શકાય છે. એતો શ્રધ્ધા અને શરીર સમ્પત્તિનો વિષય છે. પરંતુ એટલું તો સત્ય છે કે પરિક્રમા કર્યા વગર દર્શન પૂર્ણ કહેવાય નહિ.

વર્તમાનના વિજ્ઞાન યુગના આધુનિક વિદ્વાનો કહે છે કે, પરિક્રમા કરતાં કરતાં ભગવાનની મૂર્તિમાં રહેલી ઉર્જાનો આપણા શરીરમાં સંચાર થાય છે.

શાસ્ત્રમાં પરિક્રમા કરતાં કરતાં શુ બોલવું? મંત્ર

"ॐ प्रतिपद्दसि प्रतिपदे त्वनुपद्दस्यनुं पदे त्वां संपदसि सम्पदे त्वां तेजोऽसि तेजसे त्वां ॥ ये तीर्थानि प्रचरन्ति सृकाहस्ता निषङ्गिवाः । तेषांञ्शहस्त्र योजनेएव धन्वानि तन्मसि ॥

અથવા ભગવાનનું નામસ્મરણ, જનમંગલ નામાવલિ પઠન કરવી. પરિક્રમા કરતાં વચમાં બીજુ કાંઈ બોલાઈ જાય તો તે પરિક્રમા નિષ્ફળ જાય છે.

ભરતખંડમાં શ્રી નરનારાયણદેવની ઉપાસના



- શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી ગુરુ મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી

ભક્તો ! ઉપાસના, ધ્યાન, ભક્તિ હંમેશાં ભગવાન અને ભગવાનના અવતારની જ કરવાની હોય છે. જગતમાં દેવ દેવીઓના સ્વરૂપોની પૂજા થાય છે. દેવ દેવીઓ મનુષ્યોને ભૌતિક સુખ આપી શકે પણ ભાગવત્, ગીતાજી વગેરે શાસ્ત્રો ડંકો વગાડીને કહે છે કે ક્ષુદ્ર દેવી-દેવતાઓની ઉપાસનાથી સાંસારિક ભોગ પ્રાપ્ત થાય છે. પરંતુ મોક્ષ મળતો નથી. મોક્ષ તો એક ભગવાન જ આપી શકે છે. તેથી શાસ્ત્રો ભગવાનની જ ઉપાસના કરવાનું કહે છે. મુચકુંદ રાજા દેવોના પક્ષમાં રહીને અસુરો સામે લડ્યા. લડી લડીને થાકી ગયા. દેવો રાજી થઈને વરદાન માંગવાનું કહે છે. ત્યારે મુચકંદ રાજાએ મોક્ષ માગ્યો. દેવોએ હાથ જોડી દીધા છે. મોક્ષ તો ભગવાન જ આપી શકે. તમે બીજું કાંઈક માંગો. ત્યારે રાજાએ કહ્યું કે હું લડી લડીને થાકી ગયો છું. તો મને નિદ્રા આપો. હું ઊંઘી જાઉં. જે કોઈ મને જગાડે તે બળીને ભસ્મ થઈ જાય.

ભક્તો ! ભાગવત સ્પષ્ટ લખે છે. બતાવે છે. કે મુચકંદ રાજાને દેવો મોક્ષનું વરદાન ન જ આપી શક્યા. મોક્ષનું વરદાન તો કાળયવનના મૃત્યુ પછી શ્રી કૃષ્ણ પ્રભુએ આપ્યું.

એક વાત તો શાસ્ત્રો દ્વારા સુપેરે પ્રસિદ્ધ છે કે ભગવાનની જ ઉપાસના ભક્તિ કરવી. હવે ભગવાનની એટલે કોની ? તો શાસ્ત્રોને જ પૂછીએ કે આ ભરતખંડના રાજા કોણ ? ભરતખંડના આરાધ્ય દેવ કોણ ?

શ્રીમદ્ ભાગવત, વાયુપુરાણ, મહાભારત, વિષ્ણુપુરાણ વગેરેમાં નરનારાયણદેવને જ ભરત ખંડના રાજા કહ્યા છે. તેઓ જ ભરતખંડના મનુષ્યો માટે આરાધ્ય દેવ છે. જેમકે જે દેશમાં રહેતા હોઈએ, તે દેશમાં એના કાયદા-કાનૂન તથા ધ્વજને માન આપવું પડે. કોઈ અમેરિકામાં રહેતો હોય તો એણે ત્યાંના કાયદા-કાનૂન વગેરેને માન આપવું પડે. કોઈ ઓસ્ટ્રેલિયા, લંડન વિગેરે દેશમાં રહેતા વ્યક્તિને ત્યાંના કાયદા-કાનૂન પ્રમાણ ચાલવું પડે. એ જ પ્રમાણે આપણે ધાર્મિક દૃષ્ટિથી નરનારાયણદેવના દેશ ભારતખંડમાં રહીએ છીએ. તો આપણા સૌને માટે એજ આરાધ્ય દેવ છે એ જ ઉપાસ્ય છે. એમને મૂકીને બીજાને ભજે છે તે તો માર્ગ ભૂલ્યા છે. ભગવાનને મૂકીને બીજે જ્યાં ત્યાં શ્રદ્ધા આરોપિત કરનારનું કોઈ કાળે કલ્યાણ થતું નથી. આ ભારતભૂમિ પરંપરાથી તપસ્વીઓની યોગીઓની ભૂમિ છે. પણ ભોગીઓની નથી. માટે જ નરનારાયણ ભગવાનની તપસ્વી મુદ્રા એ સર્વ ભરતખંડ વાસીઓનો આધ્યાત્મિક આદર્શ છે. જીવનનું રહસ્ય તપમાં છે. ભોગમાં નહીં. આ સૃષ્ટિની ઉત્પતિ થઈ ત્યારથી નરનારાયણ ભગવાનની ઉપાસના શરૂ થઈ હતી. જેમ કે શ્રીમદ્ ભાગત કહે છે નારદજી ભારતવર્ષની પ્રજાઓ સાથે ભગવાન નરનારાયણનું પરમ ભક્તિ ભાવથી ભજન કરે છે. અને આ મંત્ર જપે છે.

ૐ નમો ભગવતે ઉપશમ શીલાયો પરતાનાત્મ્યાય
નમોઽકિંચન વિત્તાય ઋષિઋષભાય નરનારાયણાય
પરમહંસ પરમ મુખે આત્મારામાધિપતયે નમો નમઃ

ભક્તો નારદજી એકલા જ નારાયણનું ભજન નથી કરતાં પરંતુ ઉપર લખ્યું છે તેમ ભારત વર્ષની પ્રજાઓ પણ શ્રી નરનારાયણનું ભજન કરે છે. ભારત વર્ષ એટલે શું ? આજનું નાનું ભારત નહી પણ વિશાળ અખંડ ભારત (આડોશપાડોશના કેટલાક દેશો ભેળવીએ ત્યારે આ અખંડ ભારત થાય) ભારત વર્ષની સર્વ પ્રજાઓ પ્રાચીન સમયથી નરનારાયણદેવની જ ઉપાસના કરે છે. નારદજી, ઉદ્ધવજી જેવા મુક્તો હજુ સુધી 'નારાયણ, મંત્રનો વિધિપૂર્વક જપ કરતા દેવતાઈ એક હજાર વર્ષથી બદ્રિકાશ્રમમાં જ રહે છે.

ભક્તો આ રીતે ઈતિહાસ સાક્ષી પૂરે છે કે હજજારો વર્ષથી નરનારાયણ ભગવાનની ઊપાસના ભારત વર્ષમાં પ્રચલિત હતી અને છે. ભિષ્મપિતામહ કહે છે કે અત્યાર સુધી સેંકડો હજારો મહા કલ્પો વિતી ગયા છે. કેટલાય સર્ગ અને પ્રલયો સમાપ્ત થઈ ગયા છે. દરેક સર્ગમાં બ્રહ્માજી જ સૃષ્ટિના નિર્માતા રહ્યા છે. એ બ્રહ્માજી પોતાની ઉત્પતિના કારણ શ્રી નારાયણને સારી રીતે જાણે છે. બ્રહ્માજી નારાયણનાજ ગુણગાન ગાય છે. ભિષ્મપિતામહના મુખેથી શ્રીનારાયણનો આવો મહિમા સાંભળીને પાંચ પાંડવો નરનારાયણ ભગવાનના પરમભક્ત બની ગયા. અને એમનું જ ભજન કરવા લાગ્યા. અરે ! બીજું તો શું પરંતુ સ્વયં મહાભારતના લેખક ભગવાનના અવતાર એવા વ્યાસજી પણ સર્વોત્તમનારાયણ મંત્રનો જપ જપતા હતા. અને નિરંતર એમનો જ મહિમા ગાતા હતા. આવો અદ્વિતિય મહિમા હોવાથી જ સ્વામિનારાયણ ભગવાને સર્વ પ્રથમ અમદાવાદમાં શિખરબંધ મંદિર કરાવીને ભક્તિ-ઉપાસના માટે નરનારાયણ દેવ પધરાવ્યા એ ખૂબજ રહસ્યની વાત છે. (ક્રમશઃ)

વિધવા કું સ્પર્શત નહિ કરત ન આત્મઘાત

- શાસ્ત્રી અભયપ્રકાશદાસજી ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)

ભગવાન સ્વામિનારાયણે વિધવાના સ્પર્શનો નિષેધ શિક્ષાપત્રીના ૧૩૪ માં શ્લોકમાં કર્યો છે કે પોતાના સમીપ સંબંધ વિનાના જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો. શ્રીહરિએ આ વિધવા સ્પર્શ નિષેધ ધર્મ રક્ષાર્થે કર્યો છે. વિધવા સ્ત્રીનો પોતાનો ધર્મ સચવાય માટે સ્પર્શનો નિષેધ કર્યો. ત્યારબાદ વિધવા સ્ત્રીયોને પણ આજ્ઞા કરી કે તમારે પણ પોતાના સમીપ સંબંધ વિનાના પુરુષોને અડવું નહિ. સાથે બેસી હસી મજાક ન કરવી. જેથી ધર્મ તેમજ બ્રહ્મચર્ય ટકી રહે. અને ભગવાનને પતિભાવે કરીને સેવવા, પૂજવા, અર્ચવા.

- કરત ન આત્મઘાત :

શાસ્ત્રોમાં હિંસાના બે પ્રકાર બતાવવામાં આવ્યા છે. એક પર હિંસા બીજી સ્વહિંસા. પર હિંસા વિશે તો આપણે પ્રથમ નિયમ"હિંસા ન કરની જંતુ કી"માં જાણ્યું. હવે સ્વામી હિંસાની વાત લખી રહ્યા છે. "કરત ન આત્મઘાત" સ્વહિંસા એટલે જેણે આપણે આત્મઘાત કે આત્મહત્યાના નામે ઓળખીએ છીએ.

આત્મઘાત ઘણીવાર જીવનમાં સર્જાતા ઘણાય એવા સંજોગોને કારણે થતા હોય છે. જેવા કે ક્રોધમાં - દીર્ઘ રોગના કારણે, અયોગ્ય આચરણ થવાથી; ઘરના નિત્ય ના ઝઘડાથી અને ક્યાંક ક્યાંક ધર્મના નામે આત્મહત્યા થતી હોય છે.

(૧) ક્રોધમાં : શાસ્ત્રો એવું કહે છે. કે માણસને જ્યારે ક્રોધ આવે છે ત્યારે તે અંધ થઈ જતો હોય છે. અંધ એટલે આંખોથી નહિ, પણ શું કરવું ને શું ન કરવું ના વિચારથી અંધ બની જતો હોય છે. અને એવો વિચાર શુન્ય અતિ ક્રોધ જ્યારે મનુષ્યને આવે છે ત્યારે ક્રોધમાં ને ક્રોધમાં મનુષ્ય ક્યારેક આવું વણ વિચાર્યું આત્મહત્યાનું પગલું ભરતો હોય છે.

(૨) દીર્ઘ રોગના કારણે : ઘણીવાર જીવનમાં એવો કોઈ રોગ થઈ ગયો હોય જે, ઘણા લાંબા સમય પછી પણ અનેક ઉપાયો કરવા છતા પણ જતો ન હોય અને પીડા આપે રાખતો હોય, તેવા સંજોગોમાં પીડા સહન ન થવાથી અથવા તો નિત્ય ડોકટરોની સારવાર ત્રાસજનક લાગવાથી પણ આત્મહત્યાનો વિચાર આવતો હોય છે.

(૩) અયોગ્ય આચરણથી : જીવનમાં ક્યારેક એવી અઘટિત ઘટના બની જાય, પોતાથી એવું કંઈક કાર્ય થઈ જાય, જેનાથી પોતે ક્યાંય મોઢું બતાવી શકે તેમ ન હોય તેવા સંજોગોમાં મનુષ્ય મુંઝાઈને આત્મહત્યા કરતો હોય છે.

(૪) ઘરના કલેશથી : ઘરમાં, કુટુંબમાં કે પરિવારમાં એક બીજાના સ્વભાવ મળતા ન હોવાથી પોતે પોતાના સ્વભાવની પકડ ના કારણે કલેશ, કંકાશ કે ઝઘડાની શરૂઆત થતી હોય છે. આવા નિત્યના ઝઘડાથી ક્યારેક માણસ કંટાળી જતો હોય છે. અને મનમાં વિચાર આવે છે. મેલને આ બધી લપ શું ? આ રોજનો કકળાટ, રોજના ઝઘડા, રોજ ઉઠી લોહી ઉકાળવું, આના કરતા મરી જવું સારું. આવા વિચારથી પણ આત્મહત્યા થતી હોય છે.

(૫) ધર્મના નામે : ઘણા એવું કહેતા હોય છે કે કાશીએ જઈ કરવત મુકાવે તો એની મુક્તિ થાય અથવા તો ગિરનાર પર્વત ઉપર જઈ ભૈરવ જંપ લગાવે એનું કલ્યાણ થાય. પણ આ બધી વાત કળિકાળમાં તદ્દન ખોટી છે. એવી રીતે આપઘાત કરવાથી જો મુક્તિ થતી હોય તો પાપી જીવો આખું જીવન પાપ કરી કાશીએ જઈ છેલ્લે કરવત મુકાવે અથવા ભૈરવ જંપ ખાય એટલે હિસાબ ચૂકતે. પણ એમ નથી થતું. કરેલા કર્મના હિસાબ તો ચૂકવવો જ પડે છે. કોઈ એવો દીર્ઘ રોગ હોય. કદાચ પૂર્વના પ્રારબ્ધને કારણે એ રોગનું દુઃખ સહન કરવું પડતું હોય તો આત્મહત્યા કરવાથી તે કર્મ મિથ્યા થતું નથી. બીજો જન્મ લઈ તે ભોગવવાં પડે છે.

માટે ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીના ૧૪

માં શ્લોકમાં આજ્ઞા કરી કે :-

"आत्मघातस्तु तीर्थेऽपि न कर्तव्यश्च न क्रुधा ।
अयोग्याचरणात् क्वपि न विषोद्बन्धनादिना ॥

"અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો ને ક્રોધે કરીને ન કરવો અને ક્યારેય કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મુંઝાઈને પણ આત્મઘાત ન કરવો. અને ઝેર ખાઈને તથા ગળે ટુંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો."

ધર્મશાસ્ત્રમાં અકાળ મરણના પ્રકરણમાં તો આત્મહત્યા કરવાથી પતિત થવાય છે. એવું કહેવામાં આવ્યું છે. બ્રહ્મપુરાણમાં કહેલું છે, કે જેઓ ક્રોધને લીધે, કે અન્ન નહીં ખાવાનું વ્રત લઈને કે વિષ ખાઈને, અગ્નિમાં પડીને ઈત્યાદિકે કરીને જે માણસો પોતાના શરીરનો નાશ કરે છે તે નરાધમ મહાપાતકી ને પતિત કહેલા છે. અયોગ્ય આચરણે કરીને એટલે કે લોકલાજે કરીને પણ આત્મહત્યા ન કરવી. આત્મહત્યા તો ઘોર નરકના હેતુરૂપ કહેલી છે. કદાચ અયોગ્ય આચરણ ને કારણે ક્યાંય મોહું બતાવી શકે તેમ ન હોય તો સ્થાન છોડી બીજે ક્યાંય જઈ, દેશ, કાળ, વય, અવસ્થા અને શક્તિને અનુસરીને ધર્મ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે યુગના ધર્મ પ્રમાણે પ્રાયશ્ચિત કરવું એ ન્યાય છે. પણ આત્મહત્યા તો કોઈ કાળે ન જ કરવી.

શ્રી સ્વામિનારાયણ માસિકના જે નવા આજીવન સભ્યો બનશે તેમને સુંદર ભેટ મળશે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અને પૂ. મહંત સ.ગુ.શા.સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી આપણા પ.ભ. હાર્દિકકુમાર દશરથભાઈ પટેલ (વડુવાળા-હાલ ઓસ્ટ્રેલીયા) તરફથી શ્રી સ્વામિનારાયણ માસિકના હવે જે નવા સભ્યો થાય તેમને શિક્ષાપત્રી નિત્ય નિયમ સાથેની પાકી દળદાર પુસ્તિકા ભેટ આપવામાં આવશે. નોંધ : જે નવા આજીવન સભ્યો થાય તેમને જ આ ભેટ આપવામાં આવશે.

નવા વ્રત ઉત્સવના નિર્ણયમાં સુધારા વધારા મોકલવા અંગે

શ્રી નરનારાયણદેવ દેશના અમદાવાદ, મૂળી અને ભુજ મંદિર તાબના તથા વિદેશના આપણા મંદિરોના ગત વર્ષના વ્રત ઉત્સવના નિર્ણયમાં પાટોત્સવ તિથિ અથવા ફોન નંબરમાં કોઈ ફેરફાર થયા હોય તો આગામી નવા નિર્ણયમાં આપના મંદિરના પાટોત્સવ ફોન નંબર વગેરે સુધારા "શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય" શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરના નામથી વહેલાસર મોકલી આપવા વિનંતી છે.

લેખકોને વિજ્ઞપ્તિ

શ્રી સ્વામિનારાયણ માસિક માટે લેખો મોકલતી વખતે લેખકોએ આટલું ધ્યાનમાં રાખીને લેખ મોકલવા.

- લેખની કોપી જોડણી કોશ પ્રમાણે શુધ્ધ લખાણ મહિનાની તા. ૨૦ પહેલા મોકલી આપવી.
- સંપ્રદાયના સિદ્ધાંત અને મર્યાદા મુજબ અને અન્ય કોઈના ઉતારો અથવા બીજે પ્રસિદ્ધ અથવા પ્રકાશિત થયેલું લખાણ ન મોકલવું. જે શરત ચૂકથી છપાશે તો સંપૂર્ણ જવાબદારી જે તે લખનાર લેખકની રહેશે.
- લેખના અક્ષરો સુવાચ્ય હોવા જોઈએ.
- અંગ્રેજી કે સંસ્કૃત શ્લોક શુદ્ધ અને વાંચી શકાય તેવા અર્થ સાથે ચોખ્ખા લખવા.
- લખાણ ટુંકુ અને મુદ્દાસર હોવું જોઈએ.

નિયમોની દૃઢતા

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ, જમીયતપુરા (મહંત સ્વામી, માણસા)

"જેને ભણવું હોય તે ભણજ્યો,
સહુ નિયમમાં કુશળ રહેજ્યો,
જે જે થાય નિયમમાંથી બાર,
એ તો નથી ગમતું અમારું."

- ભક્તચિંતામણી, પ્ર.-૬૫

ભગવાન સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને ખાસ ભલામણ કરી છે કે નિયમ ધર્મની દૃઢતા રાખજો. આધુનિક ભણતરમાં નિયમ ધર્મનું ચણતર ન ચૂકાય જાય તેનું ધ્યાન રાખજો.

ફુલ સ્પીડમાં દોડતા કોઈપણ વાહનમાં બ્રેક ન હોય તો ? વાહનની ગતિ જેટલી વધારે તેટલો ભયાનક અકસ્માત થવાનો ભય પણ વધારે. ગાડીની યાત્રા એટલી જ સલામત રહે જેટલી તેની બ્રેક પાવરફુલ હોય! માનવજીવનનું પણ આવું જ છે. નીતિમત્તાના નિયમોનું જેટલું ચૂસ્તપણે પાલન થાય તેટલો તે સજ્જન કહેવાય, અને તે નિયમોમાં જેટલા ગાબડાં પડે તેટલી દુર્જનતા વધતી જાય, અને તેવી વ્યક્તિ ઉપરથી લોકોનો વિશ્વાસ ઉઠી જાય.

નદીને બે કિનારા જ ન હોય તો ? નદી કહેવાય જ નહીં. વહેણની દિશા બંધાય જ નહીં. ઘોડાપુરની માફક પાણી ચારે કોર ફરી વળે ને તે સુખને બદલે ઉલટાનું દુઃખ દાયક નિવડે.

નદીના બે કિનારા જ તેના નામને સાર્થક કરે છે. ભક્તજનોના જીવનમાં આ બે કિનારા છે. વ્રત અને નિયમ આ બે કિનારા તુટે તો તેનું ભક્તપણું રહે જ નહિ. લજ્જામાંથી પણ ધર્મ પળે છે.

"લજ્જા ભલી ધર્મની પાળ જાણો,
લજ્જા સદાચાર ગઢ પ્રમાણો,
જો લાજ જેના મનથી ન તૂટે,
તો ધર્મ તે તો નહી છેક છૂટે."

- હરિલીલામૃત-ક-૭

વ્રત નિયમ જેટલા મજબુત અને પાકા હોય તેટલા પ્રમાણમાં જ તેના હૃદયમાં ભક્તિના વહેણ ખળખળ વહેતા અને પ્રભુ પદારવિંદ પખાળવાની મંઝીલ સુધી હેમખેમપહોંચી જાય.

પાળ વિનાનો સમુદ્ર તેની મર્યાદા ઉલ્લંઘે તો ? સુનામીની તારાજી નોતરી હજારો નદી બલ્કે લાખો લાખોની જાન-હાનિ થઈ જાય, કંઈક બેઘર બની રઝળતા થઈ જાય ને ઢોર-ઢાંખર ને તથા અગણિત વૃક્ષ-વેલીઓનો સત્યાનાશ વળી જાય. પણ મહાસાગર ધીર ગંભીર છે. પોતાની જવાબદારીનું ભાન રાખી મર્યાદા ઉલ્લંઘતો નથી. સંતો અને મોટા સત્પુરુષો સાગર સમા ગંભીર છે, એટલે તો મુક્તાનંદ સ્વામીએ પ્રભાતીયામાં ગાયુ છે.

"ધીરા ધુરાંધરા શુરા સાચા ખરા."

અનંત જીવોના પાલક-પોષક અને કલ્યાણકારી મોક્ષના દાતા છે. પોતાની જવાબદારી પ્રત્યે સંપૂર્ણ સભાન હોય છે. નદીઓ જેવો ખળભળાટ તેમનામાં શોભે નહી. ભગવાને તેમના માટે મૂકેલી મર્યાદાઓ કદાપિ લોપતા નથી. પોતપોતાના નિયમોમાં રહે તો જ લોકોનું કલ્યાણ કરી શકે, પોતાના પ્રત્યે શ્રદ્ધા ટકાવી શકે છે. આપણા વાત્સલ્ય મૂર્તિ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આમાનું ઉમદા ઉદાહરણ છે. તેઓએ જીવનમાં કદી પણ શ્રીહરિની આજ્ઞાઓનો લેશમાત્ર લોપ કર્યો નથી. અરે, અવગણના સુધ્ધા કર્યા નથી. ઘણા વર્ષો પહેલા ભાત નહીં ખાવાનું નિયમ હતુ. તો લુખ્ખું-સુખું ખાતા આપણે દર્શન કર્યા છે. નિયમ એટલે નિયમ ! આપણા જેમ નહીં, દાળના વઘારની સુગંધ સારી આવે તો કહે આવવા દો. આપણા નિયમ તો સુરાખાચરના નિયમની જેમ કુદકા મારે. ઘઉંમાંથી ચોખામાં જાય ને ચોખામાંથી ઘઉંમાં, પરંતુ પૂજ્ય મોટા મહારાજશ્રીના પ્રાતઃકાળથી લઈ શયનકાળ સુધી દિનચર્યાના દર્શન કર્યા જેવા છે.

વ્રત અને નિયમ તો આધ્યાત્મિક શિસ્ત છે અને એટલે જ મહારાજે ત્યાગી-ગૃહી બાઈ-ભાઈ સૌના નિયમો શિક્ષાપત્રીમાં સ્વહસ્તે લખી તેને પોતાના સ્વરૂપ તુલ્ય ઉપમા આપી. વળી કહે આ નિયમ અને સાધુને તો અમે અક્ષરધામમાંથી સાથે લાવ્યા છીએ.

"સધર્મવાળા શુભ હોય સંત,
એનાથી સત્સંગ વધે અનંત,
ભલે ભણ્યા કે ન ભણેલ હોય,
તેના થકી થાય સમાસ તોય."
- હરિલીલામૃત-ક-૭

નિયમ-ધર્મની દૃઢતાવાળા સંતો ભક્તો થકી જ સત્સંગ થયો છે. નિયમ ધર્મ રાખવાથી જ સદા સુખી રહેવાય છે.

"જે કોઈ સત્સંગી નામ કાવે,
પંચવ્રતને પાળે પળાવે,
તે આ લોક પરલોકને માંઈ,
રહે સુખી તે જન સદાય."

દરેક રમતોમાં કેવા ખાસ નિયમો હોય છે ! ક્રિકેટમાં કોઈ ગમે ત્યાં ઊભા રહી બોલ ફેંકી શકે નહી. લીટી બહાર ઉભા રહેવાનું નિયમન હોય છે, અને તેના સતત નિરિક્ષણ માટે અમ્પાયર ચાંપતી નજર રાખી ખડે પગે ઊભા જ હોય છે. ટ્રાફીકના પણ ચોક્કસ અને કડક નિયમ હોય છે. પોતાનું વાહન ડાબી બાજુ ચલાવવું, લાલબત્તી ને લીલીબત્તીને અનુસરવું જ પડે. પછી તો અભણ ડ્રાયવર હોય કે કલેકટર હોય કે ખુદ ન્યાયાલયના અધિપતિ ન્યાયાધીશને પણ આ નિયમમાંથી છૂટછાટ મળતી નથી. સામાન્ય જનસમૂહ કે મુમુક્ષુ સત્સંગ સમાજ, સંત સમુદાય કે ધર્મકુળ અરે ! સ્વયં ભગવાનના અવતારો કે સર્વોપરિ શ્રીહરિ સૌ કોઈ નિયમમાં જ વર્ત્યા છે અને એ જ સૌ કોઈની અસલી મૂલ્યવાન આબરૂ છે. આ આપણી પરંપરા છે અને આ જ આપણી જીવાદોરી છે. એ તૂટે તો રસ્તે જતા સ્વાન કે પછી કહેવાય હરાયા ઢોર ? માટે સાવધાન થજો ને રાખજો નિયમોની દૃઢતા.

"પંચ વરતને પાળજ્યો, પ્રભુ ભજજ્યો રૂડી પેર."
(- ભક્તચિંતામણી-પ્ર-૩૮)

સંપ્રદાયનું ગૌરવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર જે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી સંલગ્ન છે. આગામી તા. ૯-૯-૨૦૧૦ ના રોજ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી દ્વારા પદવીદાન સમારોહનું આયોજન થયેલ. જેમાં માનનીય રાજ્યપાલશ્રી કમળાબેન બેનીવાલના વતી યુનિવર્સીટીના કુલપતિ શ્રી પંકજભાઈ જાનીના વરદ્ હસ્તે ડીગ્રી તેમજ ચંદ્રક આપવામાં આવ્યા હતા. જેમાં આપણી પાઠશાળાના સાધુ ચૈતન્યસ્વરૂપદાસ ગુરુ પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંત)ને સમગ્ર યુનિવર્સીટી શાસ્ત્રી ખંડમાં રામાનુજ વેદાંત વિષયમાં તૃતીય ક્રમ આવવા બદલ ડીગ્રી પ્રમાણપત્ર સાથે કાંસ્ય ચંદ્રક અને પુરાણ વિષયમાં આચાર્ય ખંડમાં સાધુ હરિઓમપ્રકાશદાસજી (ગઢપુર) તૃતીય ક્રમે સાધુ કુંજવિહારીદાસ (જુનાગઢ) આચાર્ય ખંડમાં રામાનુજ વેદાંત વિષયમાં તૃતીય ક્રમ સાથે તેમજ વિવેક સાગરદાસ દ્વિતીય ક્રમ અને તુષાર લહેરૂને પ્રથમ આચાર્ય ખંડ રામાનુજ વેદાંતમા ઉર્તિણ થવા બદલ એમ ઉપરોક્ત વિદ્યાર્થી સંતો અને વિદ્યાર્થીઓને ચંદ્રક અને ડીગ્રી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આવા સુખદ અને ગૌરવપૂર્ણ સમાચાર જાણી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી આપણી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યો જોગ

આપણું શ્રી સ્વામિનારાયણ માસિક દર માસની ૧૧ તારીખે નિયમિત પોસ્ટ થાય છે. અમુક સભ્યોને ક્યારેક નિયમિત અંક મળતા નથી તેવી ફરિયાદ કરે છે. ત્યારે ઓફિસથી ફરી અંક સ્ટોકમાં હોય તો તુરંત પોસ્ટ કરવામાં આવે છે. પરંતુ અત્રેથી દરેક સભ્યોના અંક શહેરના હોય તો અલગ પીનકોડ મુજબ અને ગામડાઓના જીલ્લા મુજબ સોર્ટિંગ કરીને ચોક્કસાઈ પૂર્વક મેઈલ કરવામાં આવે છે. જો આપને અવાર-નવાર અંક ન મળે તો આપની સ્થાનિક પોસ્ટમાં ફરિયાદ કરવી અને આપનું રહેઠાણ બદલાય તો અત્રે સભ્ય નંબર અને પીનકોડ સાથે નવું સરનામું જણાવવું.

કવીશ્વર દલપતરામ

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

મહાકવિ ન્હાનાલાલે શિક્ષાપત્રીનું સમશ્લોકી ભાષાંતર કરીને સત્સંગની મોટી સેવા કરી છે. તેમના પિતાનું નામ દલપતરામ. દલપતરામના પિતાનું નામ ડાહ્યાભાઈ. અજ્ઞાની લોકોએ ન્હાનાલાલ અંગે એવો આક્ષેપ કર્યો હતો કે તેઓ કવિ નથી. પિતાના કાવ્યોની નીચે પોતાનું નામ લખીને કવિ કહેવડાવે છે. કોઈએ તો વળી એવું કહ્યું છે કે,

"ડાહ્યાનો ડાહ્યો થયો, ડાહ્યો દલપતરામ;
નફ્ફટ પાક્યો નાનકો, બોડ્યું બાપનું નામ."

પરંતુ ન્હાનાલાલ તો પિતા કરતાં પણ સવાયા હતા! એ ન ભૂલવું જોઈએ .....

કવિશ્વર દલપતરામને સત્સંગમાં લાવવાનું પુણ્યકાર્ય ભૂમાનંદ સ્વામીએ કર્યુ હતું. તેઓ કવિ દલપતરામના દીક્ષા ગુરુ હતા. ભૂમાનંદ સ્વામી સાથેનો દલપતરામનો પ્રથમ મેળાપ વસંત પંચમીના સમૈયા વખતે મુંળીમાં થયેલો. પ્રસ્તુત પ્રસંગનું મહાકવિ ન્હાનાલાલે જીવંત વર્ણન કર્યું છે :

"મૂળીમાં સંતોના આસને કિશોર દલપતરામ જતા અને પ્રશ્નો પૂછતા. ફરતા ફરતા દલપતરામ ભૂમાનંદ સ્વામીને આસને ગયા. ત્યાં કીર્તન ગવાતું હતું : "સર્વે સખી જીવન જોવાને ચાલો રે ....." કીર્તન પુરું થયું ને ભૂમાનંદ સ્વામીની કથા ચાલી. કથા પુરી થયા પછી સ્વામીએ કહ્યું કે, મેં કહ્યું તેમાં કોઈને શંકા રહેતી હોય ને પૂછવું હોય તો ભલે પૂછે. ત્યારે વઢવાણના જુવાન છોકરડા દલપતરામે પ્રશ્ન પૂછ્યો કે, "ઈશ્વરને અવતાર ધરવાનું કારણ શું ? વગર અવતાર ધર્મે તે પોતાનું કાર્ય ન કરી શકે ? અમારાં આગળનાં ધર્મશાસ્ત્રો શું ખોટાં છે ?"

ભૂમાનંદ સ્વામીએ સમજાવ્યું : "ભગવાનની ભાષા મૌનની છે. ઋષિમુનિનાં અંતર દ્વારા ભગવાનની વાણી પ્રગટ થાય છે, તોય તે પડદાની વાતો પડદા પાછળથી કરે છે. કેટલાય કળા અવતાર, અંશ અવતાર થયા; આ તો કારણના કારણ અને અવતારના અવતારી આંગણે આવ્યા છે. અગમ્યને અગોચરને ઓળખાવવા સારુ ભગવાન અવતાર ધારણ કરે છે. ગીતાકારે કહ્યું જ છે કે, - "સંભવામિ યુગે યુગે" એટલે કળિયુગમાં પણ પ્રભુનો પ્રાદુર્ભાવ શક્ય છે. **સકલ ધર્મશાસ્ત્રો શ્રીહરિની જ પ્રેરણા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ આજના ધર્મનો બોધ આપવા કાજે અવતર્યા હતા. એમની શિક્ષાપત્રીએ ધર્મશાસ્ત્ર જ છે; સંતો શ્રીજીના સાજ હતા ને શ્રીજી કીર્તન હતા.**

- કવિ ન્હાનાલાલ

કવિ ન્હાનાલાલ પોતાની કૃતિ 'કવીશ્વર દલપતરામ' માં લખે છે કે - "દલપતરામ પર સ્વામી ભૂમાનંદના વિલક્ષણ વ્યક્તિત્વનો અને તેમની વાણીનો અદ્‌ભુત પ્રભાવ પડ્યો. એમણે નોંધ્યું છે તેમઃ 'પ્રથમ તો વાતો કરનાર સ્વામીનો ચહેરો જોઈને તથા આંખો જોઈને જ વાતો સાંભળનારના મનને શાંતિ થઈ જાય. વચન તો પછી નીકળે."

ભૂમાનંદ સ્વામીના ઉપદેશે દલપતરામને ધર્મબાણ વાગ્યાં. કવિશ્રી દલપતરામ સ્વયં કહે છે : "ઉપદેશ, જેમ બાણ વાગે તેમ છાતીમાં ઊતરી ગયો, અંતઃકરણ પીગળી ગયું, નેત્રમાં આંસુ આવી ગયાં."

દલપતરામે ભૂમાનંદ સ્વામી પાસે કલ્યાણનો માર્ગ માગ્યો, સ્વામી ભૂમાનંદે તેમને પંચવર્તમાનની સ્વામિનારાયણી ધર્મદીક્ષા દીધી. કવિ દલપતરામે સ્વામિનારાયણ સંપ્રદાયની સાહિત્ય ઉપાસના દ્વારા જે સેવા કરી છે તે અનન્ય છે. સ્થળ સંકોચને કારણે તેનો ઉલ્લેખ કરવો અશક્ય છે.

ટૂંકમાં કાવ્ય અને કવિ જ્યાં બે ન રહેતાં એક બની જાય તેવું ઋષિનું જીવન હોય છે. 'કવિ'એ શબ્દવાચક નહિ, પરંતુ જીવનવાચક સંજ્ઞા છે. જોડકણાં કરે તે કવિ નહિ પરંતુ જીવનને સન્માર્ગે યોજે તે કવિ. લોકોને મન ભોજનનો આનંદ તો કવિને મન આનંદનું ભોજન ! આવા જીવન પર તો કવિતા દેવી કે સરસ્વતી દેવીને કાવ્ય રચવાનું મન થઈ જાય !

શરણાગતિથી જ આત્યંતિક કલ્યાણ સધાય છે

- જયંતિલાલ કે. સોની (મેમનગર-અમદાવાદ)

જો આ દેહેજ પોતાનું આત્યંતિક કલ્યાણની ઈચ્છા હોય તેને પોતાનું દેહ, ધન, ધામ કુટુંબ પરિવાર સર્વેને ભગવાનને અર્પણ કરવા. ભગવાનને સમર્પિત થયા વિના આત્યંતિક કલ્યાણ અશક્ય છે.

કલ્યાણના ગમે તેટલા સાધનો કરો પરંતુ સંપૂર્ણ શરણાગતિ સ્વીકાર્ય સિવાય આત્યંતિક કલ્યાણ અધુરૂ છે. મહારાજની હયાતીમાં પાંચસો પરમહંસો તેમજ સમકાલિન ભક્તો જે મહારાજને સમર્પિત થઈને વર્તતા હતા. મહારાજ સિવાય અન્ય કોઈને પણ કલ્યાણનાં કરતલ ગણ્યા જ નથી. ભગવાન તો ભક્તવત્સલ છે. જે જે ભક્તો ભગવાનને સમર્પિત થયા છે તે તે ભક્તોને ભગવાન પણ વશ વર્તે છે. પૂર્વ વૃર્તાતમાં બલીરાજાએ ભગવાનને સંપૂર્ણ સમર્પણ કર્યું તો ભગવાન પણ બલીરાજાના સ્નેહ રૂપી દોરીથી સદાને માટે બંધાયા.

સત્સંગમાં દાદાખાચરનું નામ શિરમોર છે. કારણ કે દાદાખાચરે અને તેમના પરિવારે પોતાનું દેહ, ધન, ધામ કુટુંબ - પરિવાર સર્વેને ભગવાનમાં જોડી દીધા હતા. જેથી ભગવાન પણ દાદાખાચરના સ્નેહમાં બંધાઈને ગઢડાને પોતાનું ઘર માની ત્યાં કાયમી નિવાસ ગણી વસવાટ કરતા. અરે ! દાદાખાચરના વિવાહ માટે પણ અનંતકોટી બ્રહ્માંડોના નાથ પોતે જાન લઈ દાદાખાચરને પરણાવવા ભટવદર જઈ આવ્યા. આ શું બતાવે છે દાદાખાચરની સંપૂર્ણ શરણાગતિ. શ્રીજી મહારાજના વખતનો અન્ય એક પ્રસંગ જોઈએ.

"ગામ વડોદરામાં શ્રીજી મહારાજ વનમાંથી ફરતા ફરતા પ્રથમ પહેલા આવેલા ત્યારે માંડવી નીચે બેઠેલા હતા. તે અવસરમાં ત્રણ બાઈઓ પાણીનાં બેડા માથે હતાં ને વાતો કરતા કરતા જતા હતા. તેમાંથી સદાબા નામનાં બ્રાહ્મણનાં સ્ત્રી વિધવા થયેલા હતા તે પોતાની સખીઓને કહેતાં હતા કે મારા પેટમાં ગર્ભ છે ને મને ભગવાન પુત્ર આપે તો મારા મનમાં ઘણો આનંદ થાય. આવી વાત સાંભળીને માંડવી નીચે બેઠેલા શ્રી નીલકંઠ બ્રહ્મચારી ત્રણે બાઈઓ પાસે જઈને કહે કે તમે શી વાત કરો છો, ત્યારે બાઈઓ કહે કાંઈ નહિ બાવાજી ! ત્યારે શ્રીજી મહારાજ કહે કે તમોને ભગવાન મારા આશીર્વાદથી દીકરો આપે તો તે દીકરો મને આપો તો હું આશીર્વાદ આપુ. જેથી તમારે દીકરો થાય ત્રણે બાઈઓએ વિચાર કર્યો કે આ રમતા રામ બાવાજીને આપણે હા પાડો, જો તેમના આશીર્વાદથી તમારે દીકરો થતો હોય તો, પછી તે બાવાજી ક્યાં લેવા આવવાનાં છે. આવો સંકલ્પ કરીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને કહે કે જો તમારા આશીર્વાદે આ સદાબાને છોકરો થશે તો તમને આપીશું, આવું બાઈઓનું વચન સાંભળીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ આશીર્વાદ આપ્યો જે તમને જરૂર દીકરો થશે પણ તે છોકરાનું નામ તમે જગન્નાથ પાડજો. આવો શ્રી નીલકંઠ બ્રહ્મચારીએ આશીર્વાદ આપ્યો. તેથી સદાબાને નવ માસ પૂરા થતા સુંદર પુત્રનો જન્મ થયો. તે બ્રહ્મચારીનાં કહેવા પ્રમાણે પોતાના પુત્રનું જગન્નાથ એવું નામ પાડ્યું. શ્રીજી મહારાજનાં આશીર્વાદથી છોકરો ભણીને વિદ્વાન થયો, ને જ્યારે સ્વામિનારાયણ ભગવાન ડભાણમાં યજ્ઞ કરવા પધાર્યા હતા ત્યારે સદાબા પોતાના છોકરાએ સહિત શ્રીજી મહારાજનાં દર્શન કરવા આવ્યા. છેટેથી શ્રીજી મહારાજનાં દર્શન કરતા તે બાઈને મહારાજ કહે કે હે સદાબા સુખી છો ને ? આવું વચન સાંભળીને શ્રીજી મહારાજને કહે કે મહારાજ મને તમો ક્યાંથી ઓળખો મેં તો આજે જ આપના દર્શન કર્યા છે ? ત્યારે શ્રીજી મહારાજે ઉપરની બધી વાત વિસ્તારથી કહીને કહ્યું કે, અમારા આશીર્વાદથી થયેલો તમારો પુત્ર જગન્નાથ સુખી છે ને ? જેથી પોતાની સંગાથે લાવેલા પોતાના પુત્રને પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પગે લગાડ્યો. પછી શ્રીજી મહારાજ કહે કે તમારો પુત્ર અમને આપો, તમોએ વડોદરામાં અમારી આગળ પ્રતિજ્ઞા કરી છે. શ્રીજી મહારાજનું આવું વચન સાંભળીને ઉત્સાહે સહિત સદાબાએ પોતાનો પુત્ર જગન્નાથ શ્રી સહજાનંદ સ્વામીને કંકુનો ચાંદલો કરીને અર્પણ કર્યો. શ્રીજી મહારાજ ડભાણનો યજ્ઞ પૂરો કરી ગઢપુર પધાર્યા. થોડા દિવસમાં જગન્નાથભાઈને સાધુ કર્યા ને મુક્તાનંદ સ્વામી પાસે નામ પડાવવા મોકલ્યા ત્યારે મુક્તાનંદ સ્વામીએ તેમનું નામ શુકાનંદ સ્વામી એવું પાડ્યું. તે જગન્નાથજીનું શુકાનંદ સ્વામી નામ સાંભળીને શ્રી સ્વામિનારાયણ ભગવાન કહેતા હતા કે મુક્તાનંદ સ્વામી પણ જાણતા લાગે છે કે આ પૂર્વ જન્મમાં શુકદેવજી હતા. તેથી તેમનું નામ શુકાનંદ સ્વામી પાડ્યું હતું.

આમ મહારાજનો રાજીપો પ્રાપ્ત કરવા જાતને સંપૂર્ણ સમર્પિત કરી શિક્ષાપત્રીમાં જે જે આજ્ઞાઓ કરેલ છે તેનું ચૂસ્તપણે પાલન કરી મોક્ષ સાધી લેવો. નહિ તો મંદિરમાં દરરોજ આવવા છતાં માન-મોટપ-પૈસો, પ્રતિષ્ઠા રૂપી અહંકાર ક્યારેય દૂર થશે નહિ. સુજ્ઞ ભક્તો સતત કાળજી રાખી મહારાજનો રાજીપો પ્રાપ્ત કરવામાં જે કાંઈ આડે આવે તેનો તત્કાળ ત્યાગ કરી આને આ જ દેહે આત્યંતિક કલ્યાણ સાધી લેવું. એજ અભ્યર્થના.

શ્રીહરિકૃત આચાર્યપદ સ્થાપન નિરૂપણ

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

આખુ જગત જાણે છે કે સ્વામિનારાયણ ભગવાને પોતાના પિતા ધર્મદેવના કુળમાં પોતાની જગ્યાએ આચાર્યપદ સ્થાપન કરીને તેઓને ધર્મધુરા સોંપી છે. સાંપ્રદાયિક શાસ્ત્રોમાં તો તેનું વર્ણન કરેલું જ છે. પરંતુ આજે વર્તમાન કાળે કોઈ પણ દૈવી જીવો જ્યારે આ પરંપરાના આચાર્યશ્રીનું દર્શન કરે છે ત્યારે દર્શન કરનારને શ્રીહરિના આ અપર સ્વરૂપમાં એક દિવ્ય અનુભૂતિ પણ થાય છે. પરંતુ દરેક ક્ષેત્રે જેમ બનતું હોય છે તેમ આ પવિત્ર આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ આસુરી જીવો કે જેઓ હરહંમેશ અસંતોષની આગમાં બળતા રહેતા હોય છે. તેઓ આ આચાર્યપદને માનવા તૈયાર નથી. તેઓ પોતાને સ્વામિનારાયણ ભગવાન કરતા પણ વધારે વિદ્વાન અને બુદ્ધિશાળી માનતા હોય તેમ તેઓએ ભેગા મળીને ૫૧ સભ્યોની સત્સંગ સિક્યોરીટી કાઉન્સિલ બનાવી અને તે કાઉન્સિલના નામથી ૨૦૦૦ ની સાલમાં એક પુસ્તિકા લખી દીધી. પરંતુ ખોટા મનુષ્યો હંમેશા ડરપોક હોય છે તેથી કોઈએ પણ આ પુસ્તિકામાં લેખક તરીકે પોતાનું નામ જાહેર કર્યું નથી. આ મૂર્ખ કાઉન્સિલ અન્ય ધર્મની પરંપરાના દાખલા લખીને લખે છે કે બન્ને ગાદી (અમદાવાદ અને વડતાલ) તાત્કાલિક સમાપ્ત કરીને એમના સ્થાને એક ગાદી કરીને શિક્ષાપત્રી ગ્રન્થ અને શ્રીહરિની પાદુકાની સ્થાપના કરવી જોઈએ.

આ પ્રકારનું વાક્ય વાંચીએ ત્યારે એમ લાગે કે આ લોકો અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનને સલાહ આપવા તૈયાર થયા છે ! હે કહેવાતા વિદ્વાનો ! તમને એટલી પણ બુદ્ધિ નથી ચાલતી કે શિક્ષાપત્રી ગ્રંથ શ્રીહરિનું સ્વરૂપ હોવા છતા તેનાથી કે પાદુકાથી કોઈને દીક્ષા આપવાનું કે મૂર્તિ પ્રતિષ્ઠા કરવાનું કાર્ય સરે નહિ. અને દીક્ષાની મહત્તા શું છે તે હું અત્રે લખવા જઈશ તો લેખ ડાયવર્ટ થઈ જશે. માટે જેમને રસ હોય તેઓએ તે બાબત અલગથી સમજી લેવી. વળી, શ્રીહરિ પોતાના વચનથી આ ધર્મવંશી આચાર્યમાં સદાય રહ્યા છે. તેથી જ તેઓ ધર્મધુરા સંભાળી શકે છે. એક પ્રયોગ ખાતર તેઓશ્રી આજે સત્સંગ માટે જેટલું વિચરણ કરે છે તેટલું તમે ફક્ત એક મહિનો તમારા કલ્પિત સિધ્ધાંતો માટે દોડી જુઓ તો ખબર પડે કે કેમ દોડાય છે. માટે સત્સંગની ચિંતા કરવી રહેવા દઈને તમે તમારી રીતે ભગવાન ભજ્યા કરો. આ મોક્ષદાયી દિવ્ય સંપ્રદાયમાં સ્વયં શ્રીહરિએ જ ધર્મવંશી આચાર્યપદ સ્થાપન કરેલુ છે. તેથી તે પદ ગમે તેવો બળવાન આસુરી જીવ આવે તો પણ કોઈનાથી ઉખડી શકે તેમ નથી. શ્રીહરિના સમયથી ચાલતું આવ્યું છે અને અનંતકાળ સુધી ચાલતું રહેશે. શાસ્ત્રોની ગમે તેટલી સાબિતીઓ આપીએ પરંતુ સંશય કરવાવાળા તમારા મનમાં ક્યારેય તેની પ્રતિતી આવવાની નથી. સંશયવાળો આત્મા તો વિનાશના માર્ગે જ ગતિ કરે છે. આ તો તમે જેઓને અંધશ્રધ્ધાળુ, ગમાર, મૂર્ખ, ભોટ શબ્દોથી લખો છો તેવા અમારી જેવા, શ્રીહરિના ચરિત્ર તથા વચનમાં વિશ્વાસ અને દ્રઢ શ્રદ્ધા ધરાવતા મુમુક્ષુજનો માટે આ લેખ લખ્યો છે. વળી એ પણ જાણી લેજો કે તમે જેઓને ભાડુતી લેખકો કહો છો તે સ્વામિનારાયણ માસિકના કોઈ પણ લેખક ભાડુતી નથી. પરંતુ કમળો થયો હોય તેને બધું જ પીળું દેખાય છે તેના જેવી આ વાત છે.

સંપ્રદાયનો ખૂબ મહત્વનો ગ્રંથ 'શ્રી સત્સંગિજીવન' કે જે સંસ્કૃત શ્લોક સહિત અમદાવાદ કાલુપુર મંદિરથી ૨૦૦૧ ની સાલમાં પ્રકાશિત થયેલ છે. તેના ચતુર્થ પ્રકરણમાં ૬૦ માં અધ્યાયમાં સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યાર પછી સાંજના સમયે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરના પ્રાંગણમાં, સ્વર્ગમાં સુધર્મા નામની દેવસભાની પેઠે, મોટી સભા થઈ. હે રાજન્ ! સભામાં સર્વે ભક્તો-સ્ત્રીઓ અને પુરુષો આવીને યથાયોગ્ય બેસી ગયા. શ્રીહરિ સિંહાસન ઉપર વિરાજમાન થયા. પુત્રોએ સહિત રામપ્રતાપભાઈ તથા પુત્રોએ સહિત ઈચ્છારામભાઈ આ બંનેય, સભામાં આવીને શ્રીહરિની આગળ બેઠા. સંત-વર્ણી, ગૃહસ્થ ભાઈઓ-બાઈઓના નામો ગ્રંથમાંથી જાણી લેવા.

સભામાં સર્વે બેસી ગયા ત્યારે પોતાની ધર્મધુરા ધર્મવંશમાં ધારણ કરવાની ઈચ્છાવાળા શ્રી નારાયણમુનિ રામપ્રતાપ તથા ઈચ્છારામ પ્રત્યે બોલ્યા : હે ભાઈઓ ! તમો બન્ને સર્વજનોના હિતને કરનારી મારી વાણી સાંભળો. હું મારા મનમાં અતિ નિશ્ચય કરેલું પ્રયોજન સત્ય કહું છું. આ લોકમાં જનોના ગુરુપણામાં જે મારો અધિકાર છે તે અધિકાર શ્રી રામાનંદ સ્વામી મહામુનિએ મને બળપૂર્વક આપેલો છે. ..... માટે તે ધર્મધુરા આપણા પિતા ધર્મના વંશમાં ધારણ કરાવું આવી મારી ઈચ્છા છે, માટે મારી ઈચ્છિત એવા તમારા બન્નેના એક એક પુત્રની માગણી કરું છું. સુવ્રત મુનિ બોલ્યા : હે રાજન્ ! આ પ્રમાણે સહજાનંદ મહાપ્રભુની વાણી સાંભળીને પ્રથમ શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપજી બોલ્યા : હે હરે ! મારે ત્રણ પુત્રો છે તેમાંથી જે પુત્ર તમારે ઈચ્છિત હોય તે ગ્રહણ કરો. પછી નાના ભાઈ ઈચ્છારામજી બોલ્યા : હે હરે ! મારા પાંચ પુત્રોમાંથી તમારે જેને ગ્રહણ કરવાની ઈચ્છા હોય તે હમણાં જ ગ્રહણ કરો. બન્ને ભાઈઓનું આવું વચન સાંભળી પ્રસન્ન થયેલા શ્રીહરિ બોલ્યા : હે મોટાભાઈ ? તમો અયોધ્યાપ્રસાદ નામના તમારા પુત્રને આપો. હે ઈચ્છારામ! તમો રઘુવીર નામના પુત્ર મને આપો..... પછી શ્રીહરિએ વૈદિક વિપ્રવર્યો પાસે ધર્મશાસ્ત્રમાં કહેલ દત્તવિધિ કરાવી. ગીતવાજિંત્રોના મંગળ ધ્વનિપૂર્વક, જેમને વિષે સર્વજનોને અનુરાગ છે એવા, અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને દત્તપુત્ર તરીકે અંગીકાર કર્યા. પછી તે બન્નેને **પોતાનાજ આસનમાં બેસારીને** મહામૂલ્ય વસ્ત્રાભૂષણ વડે સન્માન કરીને, પોતાના સર્વભક્તજનો પાસે આનંદ પૂર્વક તેમનું પૂજન કરાવ્યું.

ત્યારબાદ ભગવાન શ્રીહરિ પુત્રો પ્રત્યે બોલ્યા : હે પુત્રો ! તમો મારું વચન સાંભળો. આપણા ઈષ્ટદેવ સ્વયં ભગવાન શ્રીહરિ છે. હે પુત્રો ! પૃથ્વી ઉપર અનેક શ્રીકૃષ્ણના મંદિરો મેં કરાવ્યા છે. અને તે મંદિરોની આજીવિકાઓ પણ દશાંશ-વિશાંશ દ્વારા બાંધેલી છે. તે મંદિરોમાં બે મંદિરો મુખ્યો છે. એક શ્રીનગરમાં (અમદાવાદ) નરનારાયણનું મંદિર છે અને બીજું આ વડતાલમાં લક્ષ્મીનારાયણનું મંદિર છે. બન્ને મંદિરોના મધ્ય **વિભાગ વડે આ ભારત નામનો ખંડ બે પ્રકારે વિભાગ કર્યો છે. તે નામથી નરનારાયણ દેશ વિભાગ અને આ લક્ષ્મીનારાયણ દેશ વિભાગ એવા નામથી કહેવાશે.** આ દક્ષિણ ખંડમાં જે જે ધન, ધાન્ય, વસ્ત્રાદિ વસ્તુઓ ધર્માદારૂપે આપે તે તે લક્ષ્મીનારાયણનું જ છે. આ પ્રમાણે ઉત્તર ખંડમાં પણ જે જનો ધર્મ નિમિત્તે જે જે આપે તે નરનારાયણનું જ છે. આ પ્રકારે મેં વ્યવસ્થા કરી છે. એક એક ખંડમાં મારા આશ્રિતજનોના ગુરુપદ, ધર્મમર્યાદાની રક્ષા માટે, તમોને બન્નેને જુદું જુદું આપ્યું છે. આવી રીતે પોતાના પુત્રોને કહીને ભગવાન શ્રીહરિ મહાપ્રભુ શુકાનંદ મુનિ પાસે પોતાના કહેલા અર્થનો વિસ્તાર જેમાં છે એવી બે પત્રિકાઓ (દેશ વિભાગના લેખ રૂપે) લખાવી. હે રાજન્ ! તે પત્રિકાઓ પોતાના કરકમળમાં ગ્રહણ કરીને ઉદાર મનવાળા શ્રી સ્વામિનારાયણ ભગવાને 'આમાંથી એક એક પત્રિકાને ગ્રહણ કરો' એમ બન્ને પુત્રોને કહ્યું. ત્યારે તે બન્ને પુત્રોએ ભગવાનની આજ્ઞા મુજબ ..... તેમાં લક્ષ્મીનારાયણ સંબંધી દેશની પત્રિકા રઘુવીરજીએ પ્રાપ્ત કરી અને નરનારાયણ સંબંધી દેશની પત્રિકા અયોધ્યાપ્રસાદજીએ પ્રાપ્ત કરી. તે પત્રિકા પ્રાપ્તિ જોઈને શ્રીહરિએ સર્વ આશ્રિતજનોને કહ્યું : હે જનો ! **આજથી આરંભીને અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તમારા આચાર્યરૂપે સ્થાપન કરેલા છે એમ નિશ્ચય જાણો.** નરનારાયણદેવ દેશમાં જે મારા આશ્રિતો રહેતા હોય તેઓ તો અયોધ્યાપ્રસાદજીના શિષ્યો છે એમ નક્કી જાણો. લક્ષ્મીનારાયણદેવના દેશમાં રહેતા મારા શિષ્યો હોય તે બધાં રઘુવીરજીના શિષ્યો છે. એમ જાણો. **દક્ષિણ વિભાગ અને ઉત્તર વિભાગરૂપ બે ખંડોમાં રહેલી સ્ત્રીઓ માટે બન્ને આચાર્યોની પત્નીઓ ગુરુપદે ઉપદેશક જાણવી.** આ પ્રમાણે મેં સ્થાપન કરેલી મર્યાદા સર્વથા યોગ્ય અને શાસ્ત્ર સિધ્ધ છે.

ધર્મવંશમાં જન્મેલા આ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર બન્નેને તમોએ ધર્મદેવની પેઠે માનવા અને પૂજવા. પોતાની શક્તિ પ્રમાણે અન્ન, વસ્ત્ર, ભૂષણ, ધનાદિ વડે સેવવા યોગ્ય છે. **જે જનો આ મારા બન્ને પુત્રો તથા આ વંશમાં થનારા ગુરુપદમાં રહેલાઓનો આશ્રય કરશે તેમને ભગવાન શ્રીકૃષ્ણ દેહાંતે પોતાના ધામમાં લઈ જશે.**

રામ અને રાવણ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

સમાજમાં તરેહ તરેહના અનેક પ્રકારના અનોખા પ્રસંગો બનતા હોય છે. જેમ જેમ સમય પસાર થતો જાય તેમ એ બનાવોમાં કે ઘટેલી ઘટનાઓમાં માનવીની કલ્પનાના રંગ ચડતા જાય છે. તે ત્યાં સુધી કે પછી એમાંની કેટલીક વાતો આપણને આશ્ચર્યભરી લાગે. ચમત્કારપૂર્ણ લાગે. નવાઈ ભરી કે રમૂજી લાગે. કહેવાય છે કે અર્જુનને શિવજીનાં દર્શન કરીને જમવાનો નિયમ હતો. વનવાસ દરમ્યાન એકવાર ભીમ બહિર્ભૂમિગયો. પછી તેના ઉપર લોટો ઊંધો વાળી દીધો. લોટા ઉપર લીલાં તૃણ, પાંદડાં, ફૂલ વગેરે મૂક્યાં અને ઘેર એટલે ઝૂંપડીએ આવ્યો. ત્યાં ખબર પડી કે અર્જુન જમ્યા નથી. ભીમ કહે, ચાલો ભાઈ શિવજીનાં દર્શન હું કરાવું. એમ કહીને અર્જુનને પેલા લોટાવાળી જગાએ લાવ્યો લ્યો ભાઈ, આ શંકર ભગવાનનું લિંગ છે. કરો પૂજા. અર્જુને તેની પૂજા કરી અને પછી જમ્યા. અર્જુનના જમ્યા પછી ભીમે ભંડો ફોડ્યો. અર્જુનને કહ્યું, ભાઈ તમે કોની પૂજા કરી ખબર છે ? ચાલો બતાવું. બંને જણા પાછા તે ઊંધા પાડેલા લોટા પાસે આવ્યા. ભીમે લાકડીનો ફટકો મારી લોટાને આધો ખસેડ્યો તો અંદરથી દૂધની ધારા વહેવા લાગી ! સમય જતાં તે સ્થળ લોટેશ્વર મહાદેવ તરીકે પ્રસિદ્ધ થયું !

આવી જ કંઈક લોકવાત રામ અને રાવણ સાથે સંકળાયેલી છે.

સીતાજીના હરણ પછી લંકા નરેશ સાથે યુધ્ધ થયું તે વખતની વાત છે. રાત્રિનો નિબિડ અંધકાર છે. પશુ પક્ષી જળ જંતુ સર્વે જંપી ગયા છે. દિવસ ભરનો થાકેલો હોય તેમ પવનની ગતિ મંદ પડી ગઈ છે. અગાધ સમુદ્ર જળના મોજાં પણ કિનારે આવતાં થાકી જાય છે. બળહીન થઈ અવાજ કર્યા વિના જ પાછા જતાં રહે છે. સૈનિકોની છાવણીમાં આલબેલના પડતા પોકારો ક્યારેક નજીવી ખલેલ પાડે છે. ઊંચે આકાશ શાંત છે. નીચે ધરતી શાંત છે. સમુદ્ર શાંત છે.

મધ્યરાત્રિના આવા શાંતિમય વાતાવરણમાં ભગવાન શ્રીરામ પોતાના પલંગમાં સૂતા સૂતા જાગે છે. વિચાર કરે છે કે મારા વાનર સૈનિકોએ છેક લંકા સુધી સમુદ્ર ઉપર પથ્થરથી પૂલ બાંધ્યો. પથ્થર તો પાણીમાં ડૂબી જાય. પરંતુ મારું નામ લઈ પથ્થર મૂકતા ગયા અને પૂલ બાંધતા ગયા. એક પણ પથ્થર ડૂબ્યો નહિ. માત્ર મારા નામે પથ્થર તર્યા તો પછી ખૂદ હું જ પાણીમાં પથ્થર મૂકું તો તરે કે નહિં ? ચાલને પ્રયોગ તો કરી જોઉં ! સર્વત્ર પ્રવર્તતા અંધકારમાં પોતે બેઠા થયા. આજુબાજુ દ્રષ્ટિ ફેરવી. ચૂપકીથી ઊભા થઈ ચાલવા માંડ્યું. સમુદ્ર કિનારે પહોંચી ગયા. એક પથ્થર હાથમાં લઈ કિનારે પગ ભિંજાય એટલા પાણીમાં બેઠા. હાથમાં પથ્થર છે. આમ તેમ ફેરવે છે. વિચારે છે કે આ પથ્થર પાણીમાં મૂકીશ તો ખરેખર તરશે ખરો ? ઘણીવાર સુધી વિચાર કરી, આજુબાજુમાં કોઈ જોતું નથી તેની ખાતરી કરી પથ્થર ઠાવકાઈથી પાણીમાં મૂક્યો.

પથ્થર ડૂબી ગયો !

તરત જ પાછળથી કોઈનું હાસ્ય સંભળાયું. રામે પાછળ જોયું.

અરે હનુમાન તું !

હા પ્રભુ હું ! આપ જ્યાં જાઓ ત્યાં મારે તમારી ખબર રાખવાનો સેવકનો ધર્મ છે. આપની પાછળ જ હું છૂપાતો છૂપાતો આવ્યો છું.

હનુમાન ! આમ કેમ થયું ? મારા નામે પથ્થર તરે અને ખૂદ હું પથ્થર મૂકું તો ડૂબી જાય ! આ જો, મેં પથ્થર મૂક્યો તો પાણીમાં ડૂબી ગયો.

મહારાજ ! એમજ થાય. હનુમાનજીએ કહ્યું.

હું સમજ્યો નહિ, રામ બોલ્યા.

મહાપ્રભુ ! જડ હોય કે ચૈતન્ય, આપ જે વસ્તુ ગ્રહણ કરો તે તરી જાય. પરંતુ આપ જેને છોડી દો એ તો ડૂબી જ જાયને ? બીજું શું થાય ? હનુમાનજીએ કહ્યું.

બ્રહ્મગોત્રિય પુલત્સ્યવંશજ લંકેશને પણ એકવાર આવો અભરખો થયો. એણે વિચાર્યું કે રામના નામે પથરા તર્યા તો હું કાંઈ રામથી કમ નથી. મારા નામે પથ્થર તરે કે નહિં ? પ્રયોગ કર્યો હોય તો ખબર પડે. દિવસે દિવસે તેના મનમાં આ વિચાર દ્રઢ થતો ગયો.

એકવાર મધ્યરાત્રિએ તે ઊઠ્યો. કોઈ જાણે નહિ તેમ ગુપ્ત રીતે સમુદ્ર કાંઠે ગયો. હાથમાં પથરો લીધો. દરિયા કિનારે બેઠો. ઘણીવાર વિચારી રહ્યો. મારા નામે પથ્થર પાણીમાં મૂકું કે ન મૂકું? મૂકું અને કદાચ ડૂબી જાય તો? આબરૂ જાય. કારણ કે દરિયાદેવ એના સાક્ષી છે. વાત છાની રહે નહિ. પણ પથ્થર તો મારે મૂકવો જ છે. વિચારમાં ને વિચારમાં ઘણીવાર સુધી બેઠો. આજુબાજુ ભયંકર અંધકાર છે. સામે સમુદ્રના અગાધ જળ ઊછળી રહ્યા છે. પથ્થર મૂકવા જતાં હૃદયના ધબકારા વધી ગયા. તે ખચકાયો. પણ બે-ત્રણ ક્ષણ પછી હાથમાંનો પથ્થર પાણીમાં પધરાવી દીધો.

પથ્થર પાણીમાં તરવા લાગ્યો! તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

ઉતાવળે પગલે પાછો ફર્યો. મંદોદરીને જગાડી. અરે મહારાણી જાગો. એક આશ્ચર્ય પમાડે તેવી વાત કહું. મંદોદરી કહે, અત્યારે અધરાતે એવી તે શું વાત છે?

રાવણે કહ્યું, મને વિચાર થયો કે રામના નામે પથ્થર તર્યા તો મારા નામે તરે કે ન તરે એની ખાતરી કરવા હું દરિયાકાંઠે ગયો. એક પથરો લીધો. સમુદ્રમાં મૂક્યો. તો તે તરવા લાગ્યો!

મંદોદરીને કદિ ન થયું હોય તેટલું આશ્ચર્ય થયું. તેની ખુશીનો પાર ન રહ્યો. તેણે કહ્યું, મારા નાથ! તમે રામથી સવાયા છો. તમારી શક્તિ તમારું આત્મબળ અને સામર્થ્ય રામથી કંઈ ન્યૂન નથી. હવે સવારમાં જ રાજકચેરી ભરો. શરણાઈના સૂર રેલાવો. પ્રજાજનોને બોલાવો. મિઠાઈ વહેંચો અને જાહેર કરો કે લંકાધિપતિ રાજ રાજેશ્વર મહારાજા શ્રી રાવણને હાથે પણ પથ્થરો તરે છે. રામ પણ ભલે જાણે.

ના મંદોદરી, આપણે એવું નથી કરવું.

કેમ? પત્નીએ નવાઈ પામતા પૂછ્યું.

જાણે નિર્માનીપણું સ્વીકારતો હોય તેમ રાવણ બોલ્યો. આપણે આપણી આત્મસિધ્ધિની બડાઈ શું મારવી? પ્રસંગ આવ્યે આપોઆપ ખબર પડશે.

ના, મારે એવું નથી કરવું, રાણી અભિમાનપૂર્વક બોલ્યા. આટલી મોટી તમારી સિધ્ધિની પ્રસિદ્ધિ ન થાય એ ન ચાલે. પ્રજાજનો પણ આ જાણીને પોતાના રાજા માટે ગૌરવ અનુભવશે.

મંદોદરી! રાવણે કહ્યું, પ્રજાજનો મારી મોટાઈ જાણે છે. પવન આ લંકાનગરીને સ્વચ્છ કરે છે. સ્વર્ગના દેવો મારી પગચંપી કરે છે. બ્રહ્માજી મારા ગુણગાન ગાય છે. ત્રિલોકીમાં હું ધારું તેમ થાય છે. આથી વિશેષ સિધ્ધિ મારે શું જોઈએ?

મહાબલિ! હું ઈચ્છું છું કે જગત તમારી સિદ્ધિનું એક વધુ સોપાન જાણે. મંદોદરી બોલી.

રાવણ જરા કડકાઈથી અને મક્કમતાથી બોલ્યો, મહારાણી! હઠાગ્રહ છોડો.

પણ શું કામ? તમને એમાં વાંધો શું છે?

અહીં ઓરા આવો. કાનમાં કહું. મંદોદરી નજીક આવી એટલે રાવણે તેના કાનમાં હળવેકથી કહ્યું, એ પથ્થર તો મેં રામનું નામ લઈને મૂક્યો હતો!

ભારત સરકાર દ્વારા બહુમાન-એવોર્ડ

શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠાવાન અ.નિ.પ.ભ. વિઠ્ઠલભાઈ સોમચંદ શાહના સુપુત્રો શ્રી રાજેશભાઈ, શ્રી ભગવતભાઈ અને શ્રી હિરેનભાઈ દ્વારા પ્રસ્થાપિત મે. મહર્ષિ લેબલ્સ પ્રા.લી.ને ભારત સરકારની MSME (માઈક્રો સ્મોલ અને મીડીયમએન્ટરપ્રાઈઝ) મીનીસ્ટ્રીએ ઉત્કૃષ્ટ કામગીરી બદલ વર્ષ ૨૦૦૯ નો Out Standing, Enter Prenur Ship-Medium Enter Prise નો Special Recognition Award ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતિ પ્રતિભા પાટીલના અધ્યક્ષપણા હેઠળ મા. કેન્દ્રીય મંત્રીશ્રી દિનશા પટેલે તા. ૩૧-૮-૨૦૧૦ ના રોજ વિજ્ઞાન ભવન ન્યુ દિલ્હી ખાતે યોજાયેલ બહુમાન સમારંભમાં ચેરમેનશ્રી રાજેશભાઈ શાહને એનાયત કરેલ. આવા આપણા નિષ્ઠાવાન હરિભક્તના ગૌરવપદ સમાચાર જાણી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે. તેમની ઉગતી પેઢીના શ્રી હર્ષિતભાઈમાં પણ પરિવારના ગુણો ઉતર્યા છે. તે સૌને પણ ધન્યવાદ.

આનંદની હેલી

જીવનમાં હાસ્ય એ એક અદ્‌ભુત ઔષધિ છે. જો દૃષ્ટિકોણ પોઝીટીવ હશે તો તમને બધેથી આનંદ મળશે. જો દૃષ્ટિકોણ નેગેટીવ હશે તો હાસ્ય કલાકાર પાસે જશો તોય હાસ્ય નહિ મળે, હાસ્ય તો ભગવાનનેય ગમે છે.

ઉત્તર ગુજરાતના આજોલ ગામની ભાગોળે ભગવાને સ્વયં હાસ્યરસ ઉભો કરીને આનંદ માણ્યો હતો. વાત એવી છે કે સ્વામિનારાયણ ભગવાન તથા મુકુંદ બ્રહ્મચારી આજોલ ગામની ભાગોળેથી પસાર થઈ રહ્યા છે. ગામની ભાગોળે બહેનો કૂવા ઉપર પાણી ભરવા ભેગી થઈ છે. કૂવા ઉપરની ગરગડીઓનો અવાજ આવે છે. ફટાફટ પાણી ભરાઈને બહાર આવે છે. એવામાં એક બહેનની નજર સ્વામિનારાયણ ભગવાન ઉપર પડી. તેણીએ પિયર પક્ષમાં પ્રભુના દર્શન કરેલા. એટલે પોતાની સાહેલીને કહ્યું, અલી તને ખબર છે ? આ ચાલ્યા જાય છે એ સ્વામિનારાયણ ભગવાન છે. ખરેખર ! આ જાય છે એજ સ્વામિનારાયણ ભગવાન છે ? બીજી બહેને હાથ લાંબો કરીને પૂછ્યું,

'હા... હા.... એ જ સ્વામિનારાયણ ભગવાન મેં જોયેલા છે. એટલે હું જાણું છું. અરે એવું કહેવાય છે કે સ્વામિનારાયણની જો દૃષ્ટિ પડી જાય તોય લોકો સુખી થાય છે. અને વાતેય સાચી છે. ત્યાં બીજી સ્ત્રી બોલી, તો ચાલોને આપણે સ્વામિનારાયણને પગે લાગીએ. અને સુખી થઈએ. પછી તો કામકાજ અધુરું છોડીને વીસ-પચીસ જેટલી બહેનો દોડી. પ્રભુ વિચાર કરે છે આ બહેનો અમારી પાછળ કેમ દોડી આવે છે ? બહેનોએ પાછળથી સાદ કર્યો, ઉભા રહો, ઉભા રહો. અમારે ચરણ સ્પર્શ કરવો છે.

ઉભા રહો બહેનો, થોડીવાર ઉભા રહો. અમને કેમ પગે પડો છો ? 'તમે સ્વામિનારાયણ ખરા કે નહિ ?' તો મહારાજને આજે હાસ્ય રસ પેદા કરવો છે એટલે કહ્યું, બહેનો હું સ્વામિનારાયણ નથી. તમે થોડુંક તો વિચારો કે સ્વામિનારાયણ કાંઈ ધોળા લૂગડામાં હોય ? સ્વામિનારાયણ તો ભગવા રંગના લૂગડાં પહેરે છે. હું

સ્વામિનારાયણ કોણ ?

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર, મહંતશ્રી)

સ્વામિનારાયણ નથી. સ્વામિનારાયણ તો પેલા પાછળ આવે છે. હું તો એમનો ચેલો છું. એમની સેવા કરવા સાથે સાથે ફરું છું. એટલે તમે બધા એમને જ પગે લાગો તો તમારું કલ્યાણ થશે. અને સુખી થશો. જો, જો બહેનો એ સ્વામિનારાયણ એવા છે કે તમને દૂર રહેવા કહેશે. પણ તમે પરાણે પગે લાગજો. આ લાભ નહિ મળે.

બસ, પછી તો શું જોઈએ. વીસ-પચીસ બહેનોનું ટોળું મુકુંદ બ્રહ્મચારી તરફ વળ્યું, ઓ ભગવાન ! મારા પરભુ ! અમારું કલ્યાણ કરો. બહેનોને જોઈને બ્રહ્મચારી માંડ્યા દોડવા. હે મહારાજ ! તમે આ શું કર્યું ! પરંતુ મહારાજે ઈશારાથી કહ્યું, પગે લાગો, એમાં વાંધો નહિ. પગે પડો તો તમારું કલ્યાણ થઈ જશે. પેલી બાજુ શ્રીહરિ ઉભા ઉભા તમાશો જુએ, અને હસે. અને બ્રહ્મચારી બૂમાબૂમ કરે. મહારાજ ! એક તો ત્રણ દિવસના ઉપવાસ માંડ પૂરા થયા છે. વળી પાછા તમે પગે લગાડો છો ! હે દયાળુ ! હવે ના પાડો.

તો મહારાજે ઉલ્ટું કર્યું. બહેનો ! આ સ્વામિનારાયણ બહુ મોંઘા છે. જ્યાં સુધી કલ્યાણના આશીર્વાદ ન આપે ત્યાં સુધી પગ છોડશો નહિ. બ્રહ્મચારી કંટાળીને બે હાથ ઉંચા કરીને કહે છે એ ..... તમારી સાત પેઢીનો મોક્ષ. તમારો સૌનો મોક્ષ. પણ મહેરબાની કરી આઘા ખસો.

બહેનોને પ્રોત્સાહિત કરતા શ્રીહરિ બોલ્યા, જોયું બહેનો ! સ્વામિનારાયણ કેવા દયાળુ છે ! તમારી સાત પેઢીનું કલ્યાણ કરી નાંખ્યું. હવે તમેય સુખી અને તમારી સાત પેઢીમાંય સુખ. તમારું કામ થઈ ગયું. બ્રહ્મચારી ખિજાઈ ગયેલા અને બરાબર અકળાઈ ગયેલા. તમે આ શું કર્યું ? આ બહેનોને પગે અડાડી ! મહારાજ કહે, શું કરીએ છેક ખોખરાથી કંટાળો ભરેલો. આજે માંડ થોડું હાસ્ય મળ્યું. બ્રહ્મચારી કહે, મહારાજ ! તમને હસવું આવે છે. પણ ત્રણ દિવસના ઉપવાસ પછી આજે માંડ બે બાટી ખાવા મળેલી. હવે તમે આવું કર્યું. એટલે કાલે *પાછો ઉપવાસ થશે. મહારાજ કહે ચિંતા ન કરશો. ચર્ચા* ન કરશો. આ વાત આપણે બેજ જાણીએ. ખૂબ આનંદ કર્યો.

સત્સંગ સુરભિ

મને કહોને પરમેશ્વર કેવા હશે ?

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (મેમનગર-અમદાવાદ)

(ગત અંકનું ચાલું)

આ બાજુ પરમેશ્વરે પણ પોતાના દિવ્યધામ એવા અક્ષરધામમાં બેઠા બેઠા વિચાર કર્યો કે, "અમે રામકૃષ્ણાદિક પર્યંત ઘણાં અવતારો ધારણ કર્યા પરંતુ એ થકી થોડાંક જ જીવોને અમારું સ્વરૂપ ઓળખાવી શક્યા. પરંતુ અનંત જીવો તો હજુ પણ માયાનાં આવરણમાં રહ્યાં થકાં ભવાટવીમાં ને લક્ષચોરાશીમાં જ ભટકતાં રહે છે. એ સૌને અમારી ઓળખાણ અને અમારા યથાર્થ સ્વરૂપનું જ્ઞાન ક્યારે પ્રાપ્ત થશે તથા અમારા સ્વરૂપનો દૃઢ આશ્રય કરી અમારા ધામ(અક્ષરધામ)માં ક્યારે આવશે ?" જીવ તો એવો અવળચંડો છે કે એ પોતાનું કલ્યાણ કરવાનો પ્રયત્ન ક્યારેય કરવાનો નથી એ તો અમારે રૂબરૂ આવીને કૃપા કરવી જ પડશે ને તો જ થોડો ઘણો પુરુષ પ્રયત્ન જીવ કરશે."

અને એટલે જ સુપાત્ર કે કુપાત્ર - સર્વે જીવાત્માઓના કલ્યાણને જ વાસ્તે પરમકૃપાળુ પરમેશ્વર અને અનંતકોટિ બ્રહ્માંડોના પિતા શ્રી પુરુષોત્તમનારાયણે અક્ષરધામને વિષે ડૂબકી ખાઈને - અવતાર ક્રમને ઉલ્લંઘીને પાધરા જ આ પૃથ્વીને વિષે અવતર્યા. ચક્રવર્તી સમ્રાટને કોની પરવા?

એ જ શ્રી ઘનશ્યામ શ્રીહરિ, શ્રીહરિકૃષ્ણ, શ્રી સહજાનંદ સ્વામી, શ્રી સ્વામિનારાયણ, શ્રીજી મહારાજ આપણા સૌના તથા અનંતકોટિ જીવોના પરમેશ્વર, એમનાં ક્ષેત્રજ્ઞ, એમનાં રક્ષણહાર, એમના તારણહાર અને અંતે અભયપદ એવા અક્ષરધામને આપનારા છે.

એ જ્યાં સુધી અવનિને વિષે મનુષ્યતન ધારીને રહ્યાં ત્યાં સુધી તો એમના યોગમાં આવનાર સર્વે મનુષ્ય પશુ, પક્ષી, વૃક્ષ વેલી પર્વત આદિક સર્વે જીવોનું કલ્યાણ કર્યું અન અંતર્ધાન થયાં પછી પરમકૃપાળુ પરમેશ્વરે એવી અદ્‌ભુત યોજના કરી કે આવનારા અસંખ્ય જીવો પણ જો એમના સ્વરૂપને ઓળખીને એમણે નિરૂપેલાં સાધનોના સહારે તથા એમણે ઉદ્‌બોધેલી આજ્ઞાઓ પાળીને આરામથી અનાયાસે જ કલ્યાણને પામી શકે છે. અંતર્ધાન થયાં છતાં પણ પરમેશ્વરે પોતાનું પ્રત્યક્ષપણું કાયમને માટે જીવંત રાખ્યું છે ! એ અક્ષરધામને વિષે જે તેજ છે તે જ આ તેજ છે." અર્થાત્ અક્ષરધામને વિષે સદાય દ્વિભૂજ દિવ્ય સદા સાકાર રૂપે વિરાજમાન તેજોમય પરમેશ્વરની એ મૂર્તિ આજે પણ આપણા શ્રીહરિ સ્થાપિત મહામંદિરો તથા ત્યારપછી ધર્મ વંશના આચાર્યશ્રી થકી પ્રતિષ્ઠિત સર્વે મૂર્તિઓમાં પ્રત્યક્ષ વિરાજમાન છે !

મને કહોને પરમેશ્વર કેવા હશે ? એનો યથાર્થ ઉત્તર જો પામવો હોય તો ધર્મવંશના આચાર્ય થકી પંચવર્તમાન ધારી દીક્ષામંત્ર લેવો પડે તથા એ પરમેશ્વરનાં લીલા ચરિત્રોએ યુક્ત સત્‌શાસ્ત્રોનાં સાગરમાં ડૂબકી મારતાં રહેવું પડે તથા એમનાં સ્વરૂપને યથાર્થ ઓળખનાર એવી આચાર્ય પ્રણાલિને અનુસરનારાં સદ્‌ગુણી સંતોનો સમાગમ કરવો પડે અને તો જ આપણા બાળકરૂપી મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નો પરમેશ્વર કેવા હશે ? ક્યાં રહેતા હશે ? શું કરતા હશે ? એ સર્વેનો યથાર્થ ઉત્તર પ્રાપ્ત થાય.

"જેમ હીરે કરીને જે હીરો વેંધાય છે પણ બીજા વતે નથી વેંધાતો. તેમ ભગવાનનો નિશ્ચય પણ તે ભગવાન વતે જ થાય છે. અને ભગવાનનું દર્શન પણ ભગવાન વતે જ થાય છે." (ગ.પ્ર.પ્ર. ૫૧)

હીરો એવા સ્વયં પરમેશ્વર શ્રીહરિએ પ્રત્યક્ષ આવીને આપણને પરમેશ્વરનું જ્ઞાન (પોતાનું જ્ઞાન) આપ્યું છે અને આજે પણ અક્ષરધામની એ જ મૂર્તિ આપણી સર્વે મૂર્તિઓમાં અખંડ વિરાજી રહીને પ્રત્યક્ષ દર્શન પણ આપે છે.

આપણે તો માત્ર "આ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ મારાં પરમેશ્વર છે અને મને પ્રાપ્ત થઈ જે મૂર્તિ (આચાર્ય થકી) તેમાં પ્રત્યક્ષ દર્શન આપી રહ્યાં છે." આવી સમજણ નિરંતર રાખી મનને શ્રીહરિના ચરિત્રરૂપી જાળામાં ગૂંથવી રાખવાનું છે !

નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.com
છૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com

સત્સંગ બાલપાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

કલૌ કેશવ કીર્તનાત્

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

પુરાણનું વચન છે. વ્યાસજી લખે છે - 'સત્તયુગમાં તપથી જે ફળ મળતું નથી. એક સ્થળે બેસી, શરીર પર માટી ચડે, કીડી-મકોડી કરડે. હજારો વર્ષ વીતે ત્યારે પ્રભુ મળતાં. ત્રેતાયુગમાં મોટા રાજસૂયજ્ઞ, અશ્વમેધ યજ્ઞ થતા. યજ્ઞની પાછળ જિંદગી અને સંપત્તિ વાપરવાથી પ્રભુ રાજી થતા. આજ કળિયુગમાં કીર્તન ભક્તિથી પ્રભુ રાજી થાય. કીર્તન ભક્તિ એ સર્વોત્તમ સાધના છે. વળી સુગમછે. જેનાથી મન નિર્મળ બને છે. અને ચિત્ત પ્રભુના સ્વરૂપમાં સ્થિર બને છે તથા બુદ્ધિ પરિપક્વ નિશ્ચયવાળી બને. પ્રભુએ નંદ સંતો પાસે કીર્તનો ગવરાવ્યાં છે અને કહ્યું છે કે નંદ સંતોના કીર્તન ગાવાં તેને વિશે જો ભગવાનની સ્મૃતિ ન રહે તો ગાયું તે ન ગાયા જેવું છે. શ્રીજી મહારાજ કહે છે કે અમે ગોલોકમાં ગયા તો ત્યાં પણ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીનાં જ કીર્તનો ગવાય છે. નવધા ભક્તિમાં કીર્તનભક્તિ એ ઠાકોરજીનું હૃદય છે. પ્રેમાનંદ સ્વામી જ્યારે કીર્તન ગાતા ત્યારે પ્રભુ ખસતા ખસતા સ્વામી પાસે આવતા. એકાગ્ર મન કરીને કીર્તન ગાવાથી બ્રહ્મપદની પ્રાપ્તિ થાય છે. નારદજી પ્રભુને મળ્યા, પ્રભુ તમે વૈકુંઠમાં ન મળ્યા, ઋષિઓ પાસે પણ ન હતા. પ્રભુ કહે "મારા ભક્તો ભેગા બેસી સંકીર્તન કરતા હોય ત્યાં હું અચૂક હોઉં છું."

કચ્છના બે હરિભક્ત મૂળજી અને કૃષ્ણજી પોતાની જાતે સાધુ થઈ ગયા. અને શ્રીજી મહારાજ પાસે પહોંચી ગયા. પ્રભુ કહે, "તમે કોણ છો ?" બંને કહે, "તમારા સાધુ." તમારું નામ શું ? જે સાધુ થાય તેના નામ અને કામ બંને બદલાઈ જાય. બંને કહે પ્રભુ નામતો મિથ્યા છે. શ્રીહરિ કહે, હા, મોટા જ્ઞાનના ગર્વનર થઈને આવ્યા છો. જાવ અહીંથી જતા રહો. બંનેને કાઢી મૂક્યા. આ તો પરમાત્માએ કરેલી કસોટી હતી. ગઢપુર ઘેલા નદીનાં સામા કિનારે પાર્ષદ બંનેને મૂકી આવ્યા. પ્રભુ ઘેલા નદીના આ કિનારે દરબાર ગઢમાં બિરાજે છે. પરંતુ ભગવાનને ઊંઘ નથી આવતી. કારણ કે પેલા બંને સંતો રાત્રે અખંડ કીર્તનો બોલતા હતા. એના લીધે આજે પ્રભુ ઊંઘી શકતા નથી. પ્રભુએ બે પાર્ષદોને પાછા ફરીથી મોકલ્યા ને કહેવરાવ્યું કે હજુ દૂર જતા રહેવાનું કહી આવો. પાર્ષદ આવીને તે બંનેને દૂર જવાનું કહ્યું. ત્યારે મૂળજી અને કૃષ્ણજી કહે, "આ તમારા ગઢડાની હદ નથી." પાર્ષદો પાછા આવ્યા ને પ્રભુને વાત કરી. ભગવાન અમે કહ્યું પરંતુ તેઓ દૂર જતા જ નથી. ત્યારે પ્રભુ કહે પાર્ષદો જાવ એ બંનેને અહીં બોલાવી આવો. મૂળજી, કૃષ્ણજી પાર્ષદો સાથે શ્રીહરિ પાસે આવ્યાં. પ્રભુ બંનેને બાથમાં લઈને ભેટ્યા અને કાયમ માટે પોતાની પાસે રાખ્યા. "પ્રભુ કીર્તન ભક્તિ ને વશ છે." બ્રહ્માનંદ સ્વામી જ્યારે પ્રભુ અંતર્ધાન થયા ત્યારે જુનાગઢથી આવ્યા. જે વિધિ થવાનો હતો તે થઈ ગયેલો. બ્રહ્માનંદ સ્વામી ગોપીનાથજી મહારાજની મૂર્તિ આગળ "પ્રાણ સ્નેહી ઘર આવો અબપિયરા, હિયરા ધીર ધરત નહિ મેરા." આ કીર્તન ગાતા હતા ત્યારે શ્રીજી મહારાજ એ મૂર્તિમાંથી પ્રગટ થઈને સ્વામીને ભેટી પડ્યાં.

મહારાજને કીર્તન ભક્તિ અતિશે પ્રિય છે એટલે તો પ્રભુએ કોલ આપ્યો છે કે મારી મૂર્તિને સંભારીને બ્રહ્માનંદ સ્વામીનાં ૧૦૦ (સો) કીર્તનો જે હરહંમેશ ગાશે તેને હું જરૂર દર્શન આપીશ. ભગવાનનાં ભક્તને ઓછામાં ઓછા પાંચ કીર્તન તો આવડવા જ જોઈએ. મુખપાઠ હોવા જોઈએ.

કેટલાક નાના છોકરાને ગાયનો શીખવાડે હોગા ક્યા લેગા ક્યા એમ ગાયનો ના શીખવાડશો. આજે જીભ કાઢશે તો કાલે જીવ કાઢશે. રજા-વેકેશન સમયમાં આપણા નંદસંતોના બે-પાંચ કીર્તન શીખવાડજો. પ્રભુ રાજી થશે. એ કીર્તનોમાં જે શબ્દો છે તે એ સંતોના અંતરના ભક્તિ ભર્યા ઉદ્‌ગારો છે. જેને આપણે કીર્તન રૂપે અનુભવીએ છીએ. એમાં એક દિવ્ય કરંટ છે. જે ગાવાથી ભગવાન અને ભક્ત વચ્ચેનું અંતર ઘટે છે.

●

મોટો સદ્‌ગુણ નિખાલસપણું

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

"મુરલીયાં કોન મહા તપ કીનો" એક વાંસની

ભૂંગળીમાં થોડા છીદ્રો પાડો એટલે મુરલી તૈયાર. 'મુરલી' શબ્દ સાંભળતાં પ્રભુ શ્રીકૃષ્ણની યાદ આવે. વૃંદાવનમાં વત્સ ચરાવતા ત્યારે મુરલી પણ વગાડતા. રાસોત્સવમાં ગોપીઓને બોલાવવા કાંઈ નગારાં નહોતા વગાડ્યાં. મુરલીના નાદે બધી જ ગોપીઓ હાજર થઈ ગઈ જે તનથી ન આવી શકી તે તન તજીને તેનો આત્મા શ્રીકૃષ્ણ પ્રભુ પાસે આવી ગયો. જેનું સ્થાન ભગવાનના મુખ પર હતુ. તે મુરલીએ શું તપ કર્યું હશે ? કે તેને આટલી ઉચ્ચ સ્થાનની પ્રાપ્તિ થઈ.

આ વિચાર કોઈને આવે કે ન આવે પણ એક નગારાને આવ્યો. એક દિવસ જન્માષ્ટમીની તૈયારીઓ ચાલતી હતી. ત્યારે મંદિરમાં પારણીયું શણગારવા વિવિધ વસ્તુઓ રમકડા, ફુલદાનીઓની સાથે સાથે કોઈએ એક વાંસળી મંદિરમાં ભેટ આપી. લ્યો કનૈયાના જન્મોત્સવમાં પારણીયાની આજુ બાજુ ક્યાંય ગોઠવજો. આ વાંસળી નગારાની બાજુમાં ગોઠવી. સાથે બીજા પણ રમકડાં ગોઠવ્યા. ત્યાં નગારું બોલ્યું, "હે બંસરી", મને તારી ઉપર ખૂબ જ ઈર્ષા આવે છે. હું તને જોઈને બળી મરુ છું. અરેરે, કેમ નગારા ? મેં કાંઈ તારું બગાડ્યું નથી શા માટે ઈર્ષા કરે છે ? કારણ તો બતાવો. નગારું કહે જો બંસરી તારું સ્થાન કેટલી ઉચ્ચ અને સુંદર જગ્યાએ છે. પ્રભુના મુખ સુધી પહોંચી ગઈ. ત્યારે મને બધા જુએ છે તરત હાથમાં એક નહિ બે દાંડીઓ પકડીને જોર જોરથી મારવા લાગે છે. તું કાંઈ દેતી નથી. હું કાંઈ લેતો નથી છતા મારે માર ખાવો પડે છે. નગારાનો પ્રશ્ન ખૂબ વિચારવંત છે. નગારાનો પ્રશ્ન સાંભળી બંસરી હસવા લાગી.

અરે, બંસરી મારી પીડા પર તમે હસો છો શા માટે ? બંસરી કહે, હે નગારા, તું વિચાર તો કર. તું જો મારી સામે, મારા બધા જ છીદ્રો ખુલ્લા છે. જેનું હૃદય નિખાલસ હોય તે જ ભગવાન સુધી પહોંચી શકે છે. અને તમારી પોલંપોલ તમે ઢાંકી રાખી છે. માટે એવું થાય છે. પોતાના દોષોને ઢાંકી રાખ્યા હોય તેનાથી ભગવાન દૂર રહે છે.

જીવનમાં બંસરીની જેમ નિખાલસતા સરળતા રાખશો તો ભગવાન આપણને એમની નજીક સ્થાન આપશે અને જે જીવનમાં કપટના પોટલા ભરેલાં પડ્યા હશે તેને ઠાકોરજીથી દૂર રહેવું પડશે.

માટે સજ્જનો ! સર્વત્ર સદ્‌ગુણ પૂજાય છે. અને આદર પણ તેનો જ થાય છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

ગુણ પૂજાવે સબે જક્ત મે, ગુણ બઢાવત માન,
જ્યા મે જે તો ગુણ રહે, તાહિ તે તો સન્માન.
અવગુણ કું આદર નહિ, શુભ ગુણ કું સન્માન,
હોય વિધ એહ દેખ હું, જાનત હે સબ જાન.

અમદાવાદ મંદિરમાં પરંપરાગત સમૂહ શારદા પૂજન

શ્રીજી મહારાજના સર્વે સુજ્ઞ - વ્હાલા હરિભક્તોને સહર્ષ જણાવવાનું જે, સર્વાવતારી શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્‌ હસ્તે વિદ્વાન પંડિતો દ્વારા અમદાવાદ મંદિરના પ્રસાદીના સભા મંડપમાં આસો વદ-૧૪ તા. ૫-૧૧-૨૦૧૦ શુક્રવારના રોજ સાંજે ૬-૦૦ કલાકે સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન વેદ વિધિસર શાસ્ત્રોક્ત રીતે ધામધૂમથી સંપન્ન થશે. શારદા પૂજનમાં લાભ લેવા ઈચ્છતા ધર્મપ્રેમી વહેપારીઓએ પોતાના ચોપડા નંગ-૨ નામ સરનામું ફોન નંબરના સ્ટીકર સાથે લાલ કપડામાં બાંધીને કોઠારમાં જમા કરાવી પાકી પહોંચ મેળવી લેવી.

ચોપડા સ્વીકારવાની છેલ્લી તા. ૩-૧૧-૨૦૧૦ છે. ત્યારબાદ ચોપડા સ્વીકારવામાં નહી આવે તેની નોંધ લેવી. (કોઠારી સ્વામી)

નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૦ સંયુક્ત અંક પ્રકાશિત થશે

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે સભ્યોને જણાવવાનું કે આગામી શ્રી સ્વામિનારાયણ માસિક નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૦ નો સંયુક્ત (ભેગો) અંક પ્રકાશિત થશે. જે નવેમ્બરની આખર તારીખે પોસ્ટ કરવામાં આવશે.

ભક્તિસુધા

શાશ્વત સુખ એક ભગવાનમાં જ છે

- સાંખ્યયોગી ચંપાબા (અમદાવાદ હવેલી)

યુગોથી માણસના હૈયામાં સાગરના પાણી જેટલી જો કોઈ ઝંખના હોય તો તે છે સુખની વિશ્વના તમામ મનુષ્યો શું કરે છે તો તે સહુ સુખને જ શોધે છે. દુઃખથી ભાગે છે. મનુષ્યની દરેક પ્રવૃતિનું કેન્દ્ર બિંદુ સુખ છે.

મનુષ્યની બધી જ ક્રિયા સુખને અર્થે હોય છે. સુખી થવા માટે મનુષ્યે ગાડી શોધી, બંગલા બનાવ્યા, ફોન ફર્નિચર, ફિક્સ ડીપોઝીટની વ્યવસ્થા કરી. સુખ માટે સ્ટીમ્બરો કે પ્લેનો શોધ્યા. સુખ માટે બાગ-બગીચા બનાવ્યા. સુખ માટે સ્ત્રી-પુત્ર કે પદ પ્રતિષ્ઠા મેળવી છતાં આશ્ચર્ય કહો કે કરૂણતા કહો હજુ સુધી કોઈ માણસ સદા સર્વદા સર્વ પ્રકારે સુખી થઈ શક્યો નથી દુઃખ મનુષ્યનો કેડો છોડતું નથી કે આટલી સુખ, સાહ્યબી અને સગવડતા છતાં હજુ આપણા હૈયામાં દુઃખનો અંત આવ્યો નથી અંતરમાં અજંપો રહે છે. ઘણું મેળવ્યા પછી ઘણુંક બાકી છે. એવી ભૂખ રહે છે.

શ્રીહરિએ વ.ગ.અં. ૩૯ માં કહ્યું છે. ભગવાને આ બ્રહ્માંડને વિષે પંચવિષય સંબંધી સુખ જીવોને આપ્યું છે. તે સુખ કેવું છે? તો એ સુખને સારું કેટલાક પોતાના માથા કપાવે છે એવું મહા દુર્લભ જેવું જણાય છે ત્યારે પોતાની મૂર્તિમાં તથા પોતાના ધામમાં જે સુખ છે તે તો બહુ ભારે છે. અને પાકૃત વિષય સુખ છે તે તો અન્ય પદાર્થને આશરીને રહ્યું છે. તથા પૃથક પૃથક છે. અને જે ભગવાન છે તે તો સર્વ સુખ માત્રના રાશિ છે. એ ભગવાન સંબંધી જે સુખ છે તે અવિનાશી છે ને મહા અલૌકિક છે. જેમ કોઈક ભારે ધનાઢ્ય ગૃહસ્થ હોય તે પોતાના ઘરમાં અનેક પ્રકારનાં ભોજન જમતો હોય ને તે જમીને ઉરિછષ્ટ કાંઈક બટકું રોટલો વધે તે કૂતરાને નાખે છે ત્યારે તે અતિશય તુચ્છ કહેવાય ને પોતે જમતો હોય તે મહા સુખમય કહેવાય તેમ ભગવાને આ બ્રહ્માંડને વિષે અનેક જીવોને પંચવિષય સંબંધી સુખ આપ્યું છે તે તો કૂતરાને નાખ્યો જે બટકું રોટલો તેની પેઠે અતિ તુચ્છ છે ને પોતાને વિષે જે સુખ છે તે તો મહા મોટું છે.

બે પ્રકારના સુખ શ્રીહરિએ આ વચનામૃતમાં બતાવ્યા છે. (૧) મોટુ સુખ, શ્રેષ્ઠ સુખ, અવિનાશી સુખ, સંપૂર્ણ સુખ, નિત્ય નવું નવું રહે એવું સુખ (૨) અધુરું સુખ અને ક્ષણે ક્ષણે નાશ પામતું તેવું સુખ, જેમ કોઈ માણસ બિમાર હોય તેને તંદુરસ્તીની બે પ્રકારની દવા હોય. (૧) તે દવા લે એટલે તરત જ સાજો થાય પરંતુ થોડા સમયમાં ફરી બિમાર પડે અને મરી જાય. (૨) તે દવા લે એટલે સાજા થવામાં થોડીવાર લાગે, દવા થોડી મોંઘી હોય પરંતુ સાજો થાય પછી ક્યારે બિમાર ન પડે આ બે માંથી આપણે કઈ દવા લેવાની પસંદ કરીએ તો તરત જવાબ આવશે કે જે લીધા પછી ફરી બિમાર ન પડીએ તેમ ભગવાનનું સુખ પ્રથમ કહ્યું તેવું છે ને માયાનું સુખ અલ્પજીવી અને ભોગવ્યા પછી તે મારી નાખે એવું છે. હવે આપણે ક્યું લેવું તે આપણા હાથમાં છે.

એક ડોશીમાં હતા તેઓ રસ્તા ઉપર કાંઈક શોધી રહ્યા હતા. તેથી વટેમાર્ગુએ પૂછ્યું માજી ! શું ખોવાઈ ગયું છે ! તો કહે, "દીકરા" વીંટી પડી ગઈ છે. તેથી ડોશીમાની મદદે તે મુસાફર જોડાયો. કલાકેકની શોધખોળ પછી મુસાફરે ડોશીમાંને પૂછ્યું ડોશીમાં વીંટી ક્યાં પડી ગયેલી ? તે કહો. ત્યારે ડોશીમાંએ કહ્યું બેટા વીંટી તો સામે દૂર અંધારામાં પડી ગઈ છે. તેથી મુસાફરે કહ્યું તો પછી અહીં શું કામ ફાંફા મારો છો ! ત્યારે ડોશીએ કહ્યું અહીં અજવાળું છે ને ભઈલા તેથી અહીં વીંટી શોધું છું. ડોશીની મૂર્ખતા ઉપર આપણે સહુને હસવું આવે પરંતુ આપણી મૂર્ખતા ડોશીથી લેશ પણ ઉણી ઉતરે તેવી નથી.

આપણે આંખોમાં તેલ આંજીને સુખ શોધી રહ્યા છીએ તેથી સુખની સાચી ભાળ મળતી નથી. તેનું કારણ એટલું જ કે સુખ પડ્યું છે ક્યાંય બીજે અને આપણે શોધી રહ્યા છીએ બીજે પરંતુ જે માયામય સુખ છે તે કોઈ દિવસ વ્યક્તિને શાશ્વત સુખ, શાંતિ કે આનંદ આપી શકે જ નહિ. સંપૂર્ણ સુખ તો એક ભગવાનમાં જ છે.

રેતી પીલવાથી કોઈ દિવસ તેલ ન નીકળે, પાણી વલોવાથી માખણ ન નીકળે તેમ માયિક ભોગ પાછળ ગમે તેટલા વલખા મારવાથી શાશ્વત સુખ નહીં મળે. ગમે તેટલા ગાડી, બંગલા, સત્તા, સંપત્તિ, વૈભવ, પદ પ્રતિષ્ઠા હશે છતાં અંતરનો અંજપો અને અધુરાશ રહેશે.

માટે જેને ભગવાનમાં જ સુખ મનાય છે, પ્રભુમાં પ્રેમ છે તેના જેવો કોઈ ભાગ્યશાળી નથી અને જેને દેહ દેહના સંબંધી અને જગતમાં સુખ મનાય છે ત્યાં જ પ્રીતિ થાય છે. તેના જેવો કોઈ દુર્ભાગી નથી. એકવાર મળે પછી ટળે નહી એવા સુખને મેળવી લે એજ બુદ્ધિશાળી છે.

●

સત્સંગનું ફળ

- સોનુ જે. પટેલ (અમદાવાદ)

સત્તશાસ્ત્રોમાં સત્સંગનો મહિમા વર્ણવતા અનેક પ્રસંગો જોવા મળે છે. તે પૈકીનો એક પ્રસંગ જોઈએ.

એક વખત વિશ્વામિત્ર ને ત્યાં વશિષ્ઠમુનિ પધાર્યા. વિશ્વામિત્રે તેમનો બહુ સારો સત્કાર કર્યો અને થોડા દિવસ પોતાના આશ્રમમાં રોક્યા. થોડો સમય રોકાઈ વશિષ્ઠજીએ

પોતાના આશ્રમે પાછા ફરવા વિદાય માગી. વિશ્વામિત્ર તેમને થોડે સુધી વળાવવા ગયા. અને આતિથ્યની યાદીરૂપે એક હજાર વર્ષના તપનું ફળ આપ્યું. આ વાતને કેટલોક સમય વીતી ગયો. પછી એક વાર વિશ્વામિત્ર ફરતા ફરતા વશિષ્ઠમુનિના આશ્રમે આવી ચડ્યા. વશિષ્ઠજીએ તેમનો સ્નેહ પૂર્વક આતિથ્ય સત્કાર કર્યો. થોડો સમય રોકાઈ વિશ્વામિત્રે પોતાના આશ્રમે જવા વિદાય માગી. વશિષ્ઠજી તેમને દૂર સુધી વળાવવા ગયા અને ભેટરૂપે એક ઘડી સત્સંગનું ફળ અર્પણ કર્યું. વિશ્વામિત્રને તેનાથી અપમાન જેવું લાગ્યું. તે ઝંખવાણા પડી ગયા. વશિષ્ઠજી સમજી ગયા કે મુનિને જરા મન દુઃખ થયું છે. વશિષ્ઠજીએ વિશ્વામિત્રનો મનોભાવ પારખી કહ્યું. "મુનિવર્ય આપના આતિથ્ય સત્કારમાં અમારાથી કોઈ અપરાધ તો નથી થયો ને ? આપ ઉદાસ કેમ થઈ ગયા છો ? વિશ્વામિત્રે કહ્યું ના આપના પ્રત્યે મને પ્રેમ છે પરંતુ આપે મને સત્સંગનું જે ફળ આપ્યું તેમાં મને જરા અપમાન જેવું લાગ્યું. આવું વર્તન આપને શોભતું નથી. વશિષ્ઠજી કહેવા લાગ્યા કે, મુનિવર્ય ! આપ સત્સંગના માહાત્મ્યને જાણતા નથી માટે જ આવું બોલો છો. એક ઘડી સત્સંગના ફળ આગળ આપનું એક હજાર વર્ષનું તપ કંઈજ ગણતરીમાં નથી. વિશ્વામિત્ર વશિષ્ઠજીની વાત સાંભળી જરા ગુસ્સે થઈ ગયા અને કહેવા લાગ્યા કે, "એક તો મને છેતરો છો અને ઉપરથી ઉપકારની વાતો કરો છો. તપ કરતાં સત્સંગનું ફળ અધિક હોય તો મને એ પુરવાર કરી બતાવો." બન્ને મુનિઓ તકરારનો ઉકેલ મેળવવા બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ બન્નેની વાત સાંભળી પછી વિચાર્યું કે ચુકાદો જેની તરફેણમાં આવશે તે આશીર્વાદ આપશે અને જેની હાર થશે તે શાપ આપશે. આશીર્વાદ તો સૌ કોઈને સ્વીકાર્ય હોય પણ શાપ વહોરવા કોણ તૈયાર થાય ? "હું હમણાં સૃષ્ટિ સર્જનમાં વ્યસ્ત છું." કહી બ્રહ્માજીએ યુક્તિ પૂર્વક બન્નેને વિષ્ણુ ભગવાન પાસે મોકલ્યા. વિષ્ણુ ભગવાન પણ પરિસ્થિતિને પામી ગયા અને મીઠો પ્રત્યુતર વાળી બન્નેને શિવજી પાસે વળાવ્યા. શિવજીએ વિચાર્યું કે મુનિઓના ઝઘડામાં પડવામાં બહુ માલ નથી. તેમણે બન્નેને મીઠો ઉત્તર વાળી શેષનારાયણ પાસે મોકલ્યા. શેષજી પાસે આવી બન્ને ઋષિઓએ પોતાની વાત રજુ કરી. બ્રહ્મા, વિષ્ણુ અને શિવજી તો છુટી ગયા. પણ હવે મારે કોઈક રસ્તો કાઢવો જ પડશે. એમ વિચારી શેષજીએ બન્નેને હૈયા ધારણ આપતા કહ્યું કે "મુનિવર્ય ! હું આપના ઝઘડાનો નિકાલ કરીશ. પરંતુ મારી સાથે સમગ્ર પૃથ્વીનો ભાર છે તે તમો જરા હળવા કરો એટલે મને થોડી ફુરસદ મળે." શેષજીની વાત સાંભળી વિશ્વામિત્રે પોતાના એક હજાર વર્ષના તપો બળથી પૃથ્વીને અધ્ધર રહેવા આદેશ આપ્યો. પરંતુ પૃથ્વી એક તસુ પણ ઉંચી થઈ નહિ. પછી વશિષ્ઠજીએ એક ઘડી સત્સંગના બળથી પૃથ્વી અધ્ધર રહે તેવો સંકલ્પ કર્યો કે તુરંત પૃથ્વી એક વેંત ઉંચી થઈ. શેષજી ભાર મુક્ત થયા. તેમણે બન્ને મુનિઓ સામે-જોઈ મંદ સ્મિત કરતા કહ્યું, "ઋષિવર્યો ! આપના પ્રશ્નનો ઉત્તર મળી ગયો ?" બન્ને મુનિઓ વાત સમજી ગયા. વિશ્વામિત્ર ઝંખવાળા પડી ગયા. વશિષ્ઠજીના પગમાં પડી માફી માગી. વિશ્વામિત્રને પોતાની રાજર્ષિ પ્રકૃતિના કારણે વશિષ્ઠજીને નાહકના પરેશાન કર્યા તે બદલ પસ્તાવો થયો. બન્ને પોત-પોતાના આશ્રમ પાછા ફર્યા.

જપ, તપ, વ્રત, દાન, દક્ષિણાને યજ્ઞ કરતા પણ સત્સંગ ચડિયાતો છે તેથી સ્વામિનારાયણ ભગવાને વચનામૃત અને શિક્ષાપત્રીમાં નિત્ય પ્રત્યે સત્સંગ કરવાનો ખાસ આદેશ આપ્યો છે. સંત કવિ તુલસીદાસજીએ પણ કહ્યું છે કે, "એક ઘડી આધી ઘડી આધી મે પુનિ આધઃ તુલસી સોબત સંતકી કરે કોટી અપરાધ." સત્સંગ કરવાથી આપણાં પૂર્વ જન્મના પુણ્યનો ઉદય થાય છે અને પાપ નાશ પામે છે. સત્સંગ કરવાથી જ જીવન સુધરે છે. સત્સંગની સાથે ત્રિલોકીના કોઈ પણ પદાર્થની તુલના થઈ શકતી નથી.

●

અન્નથી મન બદલી શકાય છે

- ખરમાર ભાનુબેન ભગવાનજીભાઈ (બોડકા-હાલાર)

આપણા સંપ્રદાયમાં બનેલી એક ઘટના છે. એક સત્સંગીની દીકરી પરણીને પતિને ત્યાં ગઈ. એ કુટુંબ સંપ્રદાયનું આશ્રિત નહિ. આ બહેને તો પોતાની સાથે મહાપ્રભુની શિક્ષાપત્રી, પ્રભુની મૂર્તિ, માળા, શાસ્ત્ર વગેરે બધું લીધું. સત્સંગીની ઓળખાણ તરીકે કંઠમાં કંઠી અને પ્રભુનું નામતો હતુ જ. પહેલા જ દિવસે સૂટકેસ ખોલાવી અને તેમાંથી શિક્ષાપત્રી, મૂર્તિ, માળા લઈને ફેંકી દીધા. ગળામાં હાથ નાખી કંઠી તોડી નાખી. કામ કર, ખા-પીને મજા કર આ બધું નહિ. તુ ઘરડી બુઢ્ઢી થઈ જાય ત્યારે જે કરવું હોય તે કરજે. અત્યારથી મીરા બનવાની કોઈ જરૂર નથી. આવા ભગતવેડા મને ગમતા નથી. પેલી બાઈ તો ગમ ખાઈ ગઈ. એ કાંઈ પણ બોલી શકી નહી.

મહિને બે મહિને જ્યારે પિયર આવી ત્યારે તેણે બધી જ વાત કરી કે આવી પરિસ્થિતિ છે. મંદિરમાં એ વખતે કોઈ સંત આવેલા. એ બહેનના ભાઈએ તમામ વાત કરી સંત પણ શાસ્ત્ર અને સમાજ એ બેના પરિચિત હતા. એટલે તરત જ કહે કે તારી બહેનને કહેજે જ્યારે ફરીથી સાસરે જાય ત્યારે રસોઈ બનાવતી વખતે મનની અંદર સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ચિંતન કરે. બીજું કાંઈ ન કરતા, તે તો વાંધો નહિ. મનમાં ભગવાનનું નામ- સ્મરણ કરતા કરતા રસોઈ કરવાની અને એ રસોઈ પતિને પિરસવાની બાકીનું બધું ભગવાન સંભાળી લેશે.

પવિત્ર અન્નમાં કેટલી શક્તિ ભરી છે ! દોઢ બે મહિનાનો સમય પસાર થયો અને એક દિવસે એ બાઈનો પતિ સામે

ચાલીને કહે છે કે મેં તે દિવસ તારી કંઠી તોડી નાખી, મૂર્તિ માળા ફેંકી દીધા તેથી તને કાંઈ દુઃખ ન થયુ ? બાઈ કહે હું તો તમને પરણી છું તમે રાજી થાઓ એ મારું કર્તવ્ય છે. તમને જે ગમે એ મારે આચરવુ જોઈએ. તમને ન ગમે એ મારે મુકી દેવું જોઈએ. બાઈનો જવાબ સાંભળી તેનો પતિ કહે છે પણ હવે મને બહુ દુઃખ થાય છે. મેં ભૂલ કરી છે. તારી પાસે જે માળા, શિક્ષાપત્રી કે ભગવાનની મૂર્તિ કે જે કાંઈ હતું એ કોઈ ખોટું તો ન હતું ને સાચું હતું માટે તું તારુ એ બધું રાખજે. પેલી બાઈને એમ થયુ કે હવે સમય આવ્યો છે એટલે કહે કે એ બધું મારી પાસે ક્યાંથી હોય ! લાવજે ને તારા પિયરથી, એ તો અમારા પિયરમાય ન હોય. તો ક્યાંથી મળે ? હું લાવી આપું. બાજુના ગામમાં અમારું મંદિર છે ત્યાં સાધુ રહે છે એની પાસેથી મળે.

આ ભાઈ તો બે માઈલ દૂરના ગામે સાધુ પાસે પહોંચ્યા અને અચકાતા અચકાતા બે હાથ જોડ્યા. સાધુ જાણી ગયા કે આ કોઈ નવો ગ્રાહક લાગે છે. કારણ કે જય સ્વામિનારાયણ કહ્યા નહિ. પગે લાગવાનું નહિ એટલે ખ્યાલ આવી ગયો કે આ કોઈ નવો નિશાળિયો છે. આવો ભાઈ, આવો બેસો. મહારાજ! પેલી તમારી ડોકમા બાંધે છે ને એવી કંઠીને એક તમારા ભગવાનની મૂર્તિ ને પેલી તમારી ચોપડી રોજ સવારમા ઉઠીને વાંચે છે આ બધું જોઈએ છે. સાધુ વિચાર કરે છે કે આ કોઈના વતી આવ્યો લાગે છે એને પોતાને જોઈતું હોય તેવું લાગતુ નથી. એ બધું તમારે જોઈએ છે ? ના, ના, મારે નહિ હું તો તમારા સંપ્રદાયનો નથી. તો કોને જોઈએ છે ? અમારા ઘરવાળાને. ઓ હો હો, તમારા ઘરવાળાને ! ઓ હો હો ! તમારા ઘરવાળાને વળી માળા ફેરવવી છે ! તમારા ઘરવાળાને શિક્ષાપત્રી વાંચવી છે ! તમારા ઘરવાળાને કંઠી પહેરવી છે ! અને તમારે કાંઈ નહી. એટલે તમારા બેયના રસ્તા જુદાં છે ? તમારા ઘરવાળા ધર્મ કે ભક્તિના માર્ગે ચાલવા ઈચ્છે છે અને તમે ક્યાં જવા ઈચ્છો છો? વેપારી અને સાધુ બેય સરખા. વેપારીની દુકાને કોઈ પગથીયુ ચડે એને ગમે એમ થાય થોડુ બિલ ફાટે તો જ કામનું. એમ સાધુને એમ કે અમારે ઉંબરે જે ચડ્યો એ કાંઈ પણ પરમાત્માની ભક્તિ ભજનમાં થોડુંક સ્વીકારીને જાય તો સારુ. પછી સંતોએ એવો ઉપદેશ આપ્યો કે તમારા ઘરવાળા માળા ફેરવે, કંઠી રાખે, શિક્ષાપત્રી શાસ્ત્ર વાંચે, ભજન કરે અને તમે ન કરો આમ કેમ ચાલે, તમારે તો એ કામ પહેલું કરવું જોઈએ. સાધુનો ઉપદેશ અંદર ઉતરવા લાગ્યો. કારણ કે પવિત્ર હાથનું અનાજ ખાધેલુ.

પરમાત્માની સ્મૃતિ સાથે તૈયાર થયેલુ અનાજ બે મહિનાથી એના ઉદરમા ગયેલું. એટલે અંતઃકરણ શુદ્ધ બનેલુ. માટે સાધુનો ઉપદેશ અંદર ઉતરી શક્યો. સારી રીતે ખેડેલા ખેતરમાં જેમ અનાજ સુંદર રીતે ઉગે છે એમ પવિત્ર બુદ્ધિમાં સારા વિચારો ઉગી શકે છે. એ ભાઈએ કંઠી બંધાવી. સત્સંગી થયા એટલુ જ નહિ પણ એના બાળકો આજે મંદિર આવે છે. ભજન-ભક્તિ કરે છે. (શિક્ષાપત્રી ભાષ્ય વિવેચનમાંથી સાભાર)

●

તમે તો પુરુષોત્તમનારાયણ છો

- તારલાબેન અતુલભાઈ ચોથીવાલા (ન્યુજર્સી-અમેરિકા)

એકવાર શ્રીજી મહારાજ મેધપુર પધાર્યા ને હાલમાં મંદિર છે ત્યાં નારણ સોનીનાં ઘર હતાં. તેમાં ઉતારો કર્યો. ફળિયામાં પીપળો હતો. તેની નીચે સભા કરીને બેઠા હતા. પોતાના મુખારવિંદની આગળ સંત હરિજનની સભા ભરાઈને બેઠી હતી. એક બાજુ બાઈઓ બેઠી હતી. મહારાજ ભગવદ્ વાર્તા કરતા હતા ને સમાધિની વાતો કરતા હતા ને બીજાને સમાધિ કરાવતા હતા. તે સમયે લાડકીબાઈને પણ સમાધિ કરાવી અને અક્ષરધામમાં મોકલ્યાં. અક્ષરધામનું અપરંપાર સુખ અનુભવ્યા પછી લાડકીબાઈ કહે, "મહારાજ ! હવે મારે પરણવું નથી !" મહારાજ કહે, "સગાં તમને પરાણે પરણાવશે તો શું બળ કરશો ?" લાડકીબાઈ કહે, "હું દેહનો ત્યાગ કરી દઈશ પરંતુ પરણીશ તો નહિ જ !" આ સાંભળી મહારાજ મંદમંદ હસવા લાગ્યા : ને કહ્યું, "દેહ મેલવો તે કાંઈ તમારા હાથમાં છે ? તે તો અમારા હાથમાં છે."

પછી તે બાઈ હઠયોગે કરીને પોતાનાં નાડી પ્રાણ ખેંચવા લાગી તે વખતે મહારાજે તેનાં નાડી-પ્રાણ કંઠે આવતાં અટકાવી દીધાં ! બાઈએ દેહ મૂકવા ઘણા પ્રયત્ન કર્યા પણ કેમે કરીને દેહ મૂકી શકાયો નહિ ! ને જીવ હૃદયમાં પાછો પણ આવ્યો નહિ ને કંઠમાં જ રહ્યો ! મહારાજે એને સમાધિમાં પ્રાણનાં સ્થાનો અને દેવતાઓ તથા પિંડ-બ્રહ્માંડની રચનાઓ સઘળું દેખાડ્યું. અતિશય તેજ જોઈને લાડકીબાઈ ચીસો પાડવા લાગી ને બે હાથ જોડીને મહારાજની સ્તુતિ કરવા લાગી કે, હે પ્રભુ ! બ્રહ્માંડ ફાટી જાય એવા ભયંકર નાદ કડાકા થાય છે, તેજના સમૂહ દેખાય છે, હું બળુ છું..... મારી રક્ષા કરો !"

પછી મહારાજે સમજાવ્યું કે "તારું સ્વરૂપ તો આત્મા છે. આ દેહ તે તું નથી. ને આ લાડકીબાઈ નામનો ભાટનો દેહ તે પણ તું નથી ને અચ્છેદ્ય અભેદ્ય એવો જે આત્મા તે તારું સ્વરૂપ છે."

પછી મહારાજે તેના જીવને હૃદયમાં જવા દીધો ત્યારે તે બાઈ શાંતિને પામ્યાં ને રાજી થઈ બોલ્યા કે, "હે મહારાજ ! તમે તો પુરૂષોત્તમનારાયણ છો. તે તમને કોઈ પહોંચે નહિ ને તમારી કળા કોઈથી કળાય તેમ નથી."

એ પ્રાર્થના સાંભળીને મહારાજ અતિ રાજી થયા અને આજ્ઞા કરી કે ભલે બ્રહ્મચર્ય પાળીને સાંખ્યયોગી રહો.

તે લાડકીબાઈ પોતે જીવ્યા ત્યાં સુધી બ્રહ્મચર્ય વ્રત પાળ્યું ને તે પરણ્યાં નહોતા.

●

પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ)

પ્ર. : ૧ નિંદા કોની ન કરવી?

પ્ર. : ૨ "ઇન્દ્રિયો અંતઃકરણ અને જીવ એ ત્રણ એકાગ્ર થઈને જો, ભગવાનના ભજનમાં જોડાય તો આખા દિવસમાં જે કાંઈ અયોગ્ય કર્મ થઈ ગયું હોય તો તે બળી જાય છે." - આ વાત ક્યા વચનામૃતમાં કરેલી છે?

પ્ર. : ૩ શ્રી સ્વામિનારાયણ ભગવાને ક્યા આઠ શાસ્ત્રો પ્રમાણિત કર્યા છે તેનાં નામ જણાવો.

પ્ર. : ૪ શ્રીજી મહારાજ કઈ સાલમાં અને કઈ તિથિના રોજ દેહનો ત્યાગ કરી સ્વધામ પધાર્યા?

પ્ર. : ૫ શ્રી સ્વામિનારાયણ ભગવાને પાંચસો પરમહંસને ક્યા ગામમાં મહાદીક્ષા આપી હતી?

પ્ર. : ૬ ગામ માનકુવાના શ્રીજી મહારાજના લાડીલા ભક્તો મૂળજી અને કૃષ્ણજીને સાધુ બનાવીને શું નામ પાડ્યા?

પ્ર. : ૭ "સલુણા થાને સેવતીરો સેહરો ધરાવું....." આ કીર્તનના રચયિતાનું નામ જણાવો.

સપ્ટેમ્બર-૨૦૧૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) સ.ગુ. ભગવદાનંદ સ્વામી - કારીયાણી-૨ (૨) "જેતલપુરમાં અંતકાળે કોઈને યમદૂતો લેવા ન આવે." (૩) "જેણે ભેખ લીધો એમાં ભગવાન આવી ચૂક્યા ભેખ લીધો એ બધા ભગવાન." (૪) સ.ગુ. ગોપાળાનંદ સ્વામી. (૫) ગ.મ.પ્ર. ૬૧. (૬) "તોરણે આવેલા વરરાજાને જે રીતે સ્ત્રીઓ પોંખે છે તેવી રીતે." (૭) સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી.

૧. ન.ના.દેવ યુવક મંડળ (લુણાવાડા - પંચમહાલ)
૨. ન.ના.દેવ યુવક મંડળ (ઝુલાસણ)
૩. મોદી કૌશલ અને દર્શન (મહેસાણા)
૪. તેજેન્દ્ર રમણભાઈ ભટ્ટ (લાંભા)
૫. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૬. દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની (અમદાવાદ)
૭. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૮. સાકરબેન નટવરલાલ પટેલ (નાંદોલ)
૯. સાં. મંજુબા-ભારતીબા (હવેલી)
૧૦. હસુબેન કે. ઠક્કર (અમદાવાદ)
૧૧. વર્ષાબેન અરવિંદભાઈ સોની (અમદાવાદ)
૧૨. વિષ્ણુભાઈ જીવાભાઈ પટેલ (સીતાપુર)
૧૩. મફાજી સરદારજી ડાભી (ડાંગરવા)
૧૪. પ્રતાપસિંહ કેસરજી ડાભી (ડાંગરવા)
૧૫. ખંધડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૧૬. સાંખ્યયોગી બાઈઓ (સ્વા. મંદિર (જુનુ) મોરબી)
૧૭. સુમિત્રાબેન નરેશભાઈ ભાવસાર (વિસનગર)
૧૮. કપિલાબેન નટવરલાલ ભાવસાર (લાંઘણજ)
૧૯. શકરીબેન અંબાલાલ (ઝુલાસણ)
૨૦. અમરશીભાઈ વી. વિઠ્ઠલપરા (નવસારી)
૨૧. ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૨૨. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (રાણીપ)
૨૩. જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ (આનંદપુરા)
૨૪. વીણાબેન આર. ભાવસાર (અમદાવાદ)
૨૫. અરવિંદાબેન નરેશભાઈ ભાવસાર (અમદાવાદ)
૨૬. કૌશલ હસમુખભાઈ (મારૂસણા)
૨૭. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૨૮. ભાનુબેન ભગવાનજીભાઈ (બોડકા હાલાર)
૨૯. કૈલાશબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૩૦. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)
૩૧. ચંદ્રિકાબેન એસ. ટાંક (જીરાગઢ)
૩૨. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૩૩. પટેલ ગોરધનભાઈ શંકરભાઈ (સોજા)
૩૪. મોદી અમૃતભાઈ ક. (સોજા)

શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ

www.swaminarayan.in

ભારતીય સમય મુજબ આરતી દર્શન : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૪૫ ● શયન આરતી ૨૦-૩૦

સત્સંગ સમાચાર

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરંપરાગત જલઝીલણીનો વરઘોડો ઉજવાયો.

ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશી તા. ૧૯-૯-૧૦ ને રવિવારના શુભ મંગળ દિને સંપ્રદાયમાં પરંપરાગત શ્રી ગણપતિજીનો વરઘોડો બપોરે ૧-૪૫ કલાકે શ્રી નરનારાયણદેવના દેરામાં આરતી ઉત્સવ કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ-ઓચ્છવ મંડળ સાથે શ્રી ગણપતીના વરઘોડાનું પ્રસ્થાન ધામધૂમથી થયુ હતું. મંદિરના ચોકમાં ઉત્સવની રમઝટ ચાલી હતી. આ પ્રસંગે શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ, સંત મંડળમાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારાયણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, મહંત નાના પી.પી. સ્વામી, નરનારાયણદેવના પૂજારી બ્ર. રાજેશ્વરાનંદજી, શા.સ્વા. અખિલેશ્વરદાસજી, ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી, યોગી સ્વામી, જે.કે. સ્વામી, મુનિ સ્વામી, શા.દિવ્યપ્રકાશદાસજી, પુરાણી સ્વામી ધર્મજીવનદાસજી આદિ સંત પાર્ષદ મંડળ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, શ્રીજી સેવા મંડળ, તેમજ બહાર ગામ અને શહેરમાં વસતા હરિભક્તો આ વરઘોડામાં જોડાયા હતા. જેમાં ઠાકોરજી બિરાજેલા તે સુવર્ણની ત્રણે પાલખીઓમાં અલૌકિક દર્શન થતા હતા. નારણઘાટ મંદિર થોડો વિરામ કરીને ત્યાં પણ ઓચ્છવ મંડળે ઠાકોરજી સમક્ષ ઓચ્છવની રમઝટ બોલાવી હતી. સાંજે ૬ કલાકે વરઘોડો સૌરાષ્ટ્ર ફરસાણ આગળ પરત આવી પહોંચ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સંતો-ઓચ્છવીયા મંડળ ઓચ્છવ કરતા કરતા રાત્રે ૮-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવ મંદિર પહોંચ્યા અને વરઘોડો વિરામ પામ્યો હતો. ઈલેકટ્રોનિક મિડીયાના આપણું દૂરદર્શન, ઈ-ટીવી અને ઈન્ડીયા ટીવી ની કેમેરા ટીમે વરઘોડાના દર્શનનું સુંદર કવરેજ કરીને ગુજરાતની ધાર્મિક પ્રજા અને હરિભક્તોને ઘેર બેઠા દર્શન કરાવ્યા હતા. આ પ્રસંગે કોઠારી પાર્ષદ દિગંબર ભગતે સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. (શા. મુનિ સ્વામી)

જેતલપુરધામ

સંકલ્પ સિધ્ધ મહાપ્રતાપી શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પરંપરાગત જલઝીલણી શ્રી ગણપતીજીનો વરઘોડો જેતલપુર ગામમાં ઠાકોરજીની અને શ્રી ગણપતીજીની શણગારેલી પાલખીમાં નિકળ્યો હતો. જેમાં મહંત સ્વામી પૂજ્ય આત્મપ્રકાશદાસજી, પૂજ્ય કથાકાર સંત પી.પી. સ્વામી, મહંત કે.પી. સ્વામી, શા. હરિઉઁ સ્વામી આદિ સંતો, હરિભક્તો અને ઉચ્છવ મંડળ ભજન-કીર્તન, ધૂન કરતા કરતા હજારો હરિભક્તો સાથે પવિત્ર પુણ્યશાળી દેવ સરોવરમાં જળક્રિડા કરીને મહા અલૌકિક વિસર્જન વિધિ પૂર્ણ થઈ હતી. આ પ્રસંગના દર્શન દિવ્યતમ અને અલૌકિક હતા. (શા. ભક્તિનંદનદાસ)

શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા શ્રીમદ્ ભાગવત પારાયણ

શહેર ચોર્યાસીની પાવન ભૂમિ પર શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તથા વયોવૃદ્ધ સંત શા.સ્વા. માધવપ્રસાદદાસજી તથા જેતલપુરધામના વિદ્વાન કથાકાર સ.ગુ.શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી તથા અત્રેના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને મહંત સ્વા. આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી બાળસ્વરૂપ કષ્ટભંજનદેવના સાનિધ્યમાં તા. ૧૨-૮-૧૦ થી તા. ૧૮-૮-૧૦ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ પ.ભ. વિનોદભાઈ છગનલાલ ગાંધી તથા નલીનીબેન વિનોદભાઈ ગાંધી (શિકાગો) તરફથી યોજવામાં આવી. જેના વક્તાપદે સ.ગુ.શા.સ્વા. ભક્તિનંદનદાસજી ગુરુ પૂ. પી.પી. સ્વામી (જેતલપુરધામ) તથા સ.ગુ. શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કાંકરિયા)એ બિરાજીને સૌ શ્રોતાગણને કથા રસમાં તરબોળ કર્યા હતા.

આ પ્રસંગે સંત-હરિભક્તોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા. હરિભક્તોએ કથા-શ્રવણ સાથે હિંડોળા દર્શનનો પણ લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કથા અને મહાપૂજાની પૂર્ણાહુતિ થઈ હતી. સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

અત્રે શ્રાવણ માસમાં ઠાકોરજીને અવનવા વિવિધ પ્રકારના હિંડોળા બનાવીને ઝુલાવ્યા હતા. આ પ્રસંગે ઓચ્છવીયા મંડળે રોજે બે કલાક ઓચ્છવ કરીને સુંદર લાભ આપ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આ પ્રસંગે પધાર્યા હતા. અને ૨ કલાક ઓચ્છવમાં બિરાજીને ઓચ્છવ મંડળને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. ત્યારબાદ ઠાકોરજીની સંધ્યા આરતી ઉતારીને મહા અલૌકિક લાભ આપ્યો હતો.

(પાર્ષદ નરોત્તમભગત, કાંકરિયા)

શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરા

સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોથી પ્રસાદીભૂત જમીયતપુરા ગામમાં પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુરધામ)ની પ્રેરણાથી અહીં સુંદર બેનમૂન હરિમંદિર પુનઃ નિર્માણ થયેલુ છે. ગત વર્ષે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમથી થઈ હતી. અહીં પવિત્ર શ્રાવણ માસમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને હરિભક્તોના સાથ સહકારથી અને પૂજારી શા.સ્વામી છપૈયાપ્રસાદદાસજીની પ્રેરણાથી ભવ્ય હિંડોળાનું ઉદ્ઘાટન તા. ૨૮-૭-૧૦ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયું. જેના યજમાન પ.ભ. સાધુરામભાઈ રહ્યા હતા. અને યજમાનશ્રીએ તથા પ.ભ. દશરથભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી) તથા ગામના

હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ફૂલહારથી સ્વાગત પૂજન કર્યું હતુ. ત્યારબાદ પ્રાસંગિક સભામાં જેતલપુર મંદિરથી પધારેલ પૂ.પી.પી. સ્વામી, માણસા મહંત ઘનશ્યામસ્વામી આદિ વિદ્વાન સંતોએ સુંદર ઉપદેશાત્મક ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે સમસ્ત ગામને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સ્થાનિક હરિભક્તો અને બહારગામથી પધારેલા હરિભક્તોએ દર્શન કરીને દિવ્ય લાભ લીધો હતો. (કોઠારી હિંમતભાઈ)

શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ચાતુર્માસમાં કથા કરવા પધારેલા શા.સ્વા. કેશવચરણદાસજી તથા તેમના શિષ્ય ઘનશ્યામસ્વામીએ શ્રાવણ માસમાં શ્રીમદ્‌ સત્સંગિ ભૂષણ શાસ્ત્રની સુંદર કથા કરી હતી. કથામાં આવતા ઉત્સવોમાં શ્રી ઘનશ્યામજન્મોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવ્યો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી ચાલતા બાળ મંડળે પ્રશ્નોત્તરી, કીર્તન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા જેવા સુંદર કાર્યક્રમ કરી સૌને આનંદિત કર્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સુંદર સેવા હતી. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

શ્રી સ્વામિનારાયણ મંદિર વસઈ (ડાભલા)

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રાવણ માસમાં ઠાકોરજીને વિવિધ પ્રકારના હિંડોળા બનાવીને ઝુલાવ્યા હતા. હરિભક્તોએ ધૂન કથાવાર્તા કીર્તન પણ શ્રાવણ માસમાં કર્યા હતા. દરેક હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. (ભૂપેશભાઈ ભાવસાર)

શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ સુદ-૮ ના શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પ્રસંગે વિવિધ પ્રકારના સુંદર હિંડોળામાં બાલકૃષ્ણને ઝુલાવી જન્મોત્સવ મનાવ્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યથી લઈ અંતર્ધાન સુધીની લીલા ચિત્ર પ્રદર્શન યોજ્યુ હતું. હરિભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા. સમગ્ર આયોજનમાં મંદિરના કોઠારી શ્રી અને નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (કોઠારીશ્રી)

શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા અમદાવાદ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવં સમસ્ત ધર્મવંશીના આશીર્વાદ સહ આજ્ઞાથી તથા મહંત શા. સ્વામી શ્રીજીપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રાવણ માસમાં સ.ગુ. સ્વામી નિષ્કુળાનંદ રચિત શ્રી ભક્તચિંતામણી અંતર્ગત પરચા પ્રકરણની પંચ દિનાત્મક કથા શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી (અમદાવાદ મંદિર)ના વક્તાપદે શૈલીમાં થઈ હતી. હરિભક્તો ખૂબજ રાજી થયા હતા. શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના મંદિરમાં બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજને પૂજારી ઋષિકેશ સ્વામીએ લાડ લડાવી સુંદર શણગાર ધરાવી દર્શન કરાવ્યા હતા. રાત્રે ૧૨ કલાકે ધામધૂમથી જન્મોત્સવ ઉજવાયો હતો. યજમાન પરિવાર સાથે આપણા મંદિરના ટ્રસ્ટી પ.ભ. દશરથભાઈ પટેલ તથા પ.ભ. રતિભાઈ પટેલે આરતી ઉતારીને દિવ્ય લાભ લીધો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર રાસ અને કીર્તન ભક્તિ કરી હતી. સમગ્ર વ્યવસ્થા કોઠારી સ્વામી ચંદ્રપ્રકાશદાસજીએ કરી હતી. (વૈભવ ભગત)

બાયડ સ્ટેશન શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવં ધર્મવંશીના આશીર્વાદથી અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસમાં તા. ૫-૯-૧૦ થી તા. ૧૧-૯-૧૦ પર્યન્ત શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ પારાયણ શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીએ કરી હતી. હરિભક્તોએ કથામૃતનો લાભ લઈ કૃતકૃત્ય થયા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે કોઠરી ડાહ્યાભાઈ તથા કનુભાઈ પટેલે ભગવાન સંબંધી લીલા ચરિત્ર રૂપ પ્રવચન કર્યું હતું. (કૃણાલ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર પૂના (મહારાષ્ટ્ર)

અહીંના હરિભક્તોએ ૬ બસ દ્વારા લોનાવાલા સત્સંગીના ફાર્મ ઉપર સત્સંગ સભા યોજી હતી. જેમાં સૌ પ્રથમ શ્રીહરિકૃષ્ણ મહારાજને અભિષેક વિધિસર થયો હતો. કોઠારી નિર્લેપ સ્વામીએ કથાવાર્તાનો સુંદર લાભ આપેલ. હરિભક્તોએ આખો દિવસ અહીં કથામૃતપાન ધૂન કીર્તન ભજન કર્યા હતા.

(ભરતભાઈ)

હિંમતનગરમાં બહેનોની મહાપૂજા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગામી પ્રાકટ્યોત્સવ મહોત્સવ (ઈડર મંદિર-સાબરકાંઠા)ના ઉપલક્ષમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા આશીર્વાદથી હિંમતનગર ઘનશ્યામમહિલા સત્સંગ મંડળના લાભુબેન, કંચનબેન અને શાંતાબેનના માર્ગદર્શન મુજબ ઋષિ પંચમીના સમૂહ મહાપૂજા વિધિવત થઈ હતી. જેમાં ૯૦ જેટલા બહેનોએ લાભ લીધો હતો.

ત્યારબાદ અમદાવાદ વચ. ૮ ઉપર સ્પર્ધા યોજી હતી. જેમાં પ્રથમ ભાવનાબેન પ્રજાપતી અને બીજા નંબરે દેવ્યાની બેન પટેલ અને ત્રીજા નંબરે કંચનબેન પોરીયા રહ્યા હતા.

રાધાષ્ટમીના દિવસે અત્રેના મહંત સ્વામી શા. હરિજીવનદાસજીએ નિજ મંદિરમાં સભાનું આયોજન કરેલ. જેમાં કથા વાર્તા, ધૂન અને આરતી કરીને ઠાકોરજીને થાળ જમાડવામાં આવેલ. (લક્ષ્મીબેન પોરીયા)

શ્રાવણ માસમાં જીવરાજપાર્ક મંદિરમાં શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા આશીર્વાદથી તથા નારણઘાટ મંદિરના મહંત શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી અત્રે મંદિરમાં તા. ૪-૯-૧૦ થી તા. ૧૦-૯-૧૦ પર્યન્ત શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી અને સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના સુમધુર કંઠે સંપન્ન થઈ. જેના મુખ્ય યજમાન અ.નિ.પ.ભ. દયારામભાઈ ગોગજીભાઈ ઠક્કર પરિવારે (ખેંગારીયા-હાલ જીવરાજ પાર્ક)

લાભ લીધો હતો.

આ કથા દરમ્યાન સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું. તા. ૯-૯-૧૦ ના રોજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને યજમાન પરિવાર અને સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. પારાયણ પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૧૦-૯-૧૦ ના રોજ આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને દિવ્યાતિ દિવ્ય આશીર્વાદ આપીને ખૂબજ પ્રસન્ન થયા હતા. અત્રે મંદિરના ટ્રસ્ટી મંડળે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પોતાની સેવા લખાવી હતી.

સભા સંચાલન શ્રી ભરતભાઈ ઠક્કરે દિપાવ્યુ હતું. પૂર્ણાહુતિ પ્રસંગે ધામોધામના સંતો પૈકી અમદાવાદ મંદિરમાં મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી આદિ સંતોએ પધારીને અલૌકિક લાભ આપ્યો હતો. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, જીવરાજપાર્ક)

શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂજારી પાર્ષદ જસુ ભગતની પ્રેરણાથી ભાદરવા સુદ-૯ના રોજ સવારના ૭ થી સાંજના ૭ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન ભાઈઓ અને બહેનોએ સાથે મળીને કરી હતી. જલઝીલણી એકાદશીના ગામના હરિભક્તો પ્રસાદીના વાઘરોડા તળાવે જળ ઝીલાવવા ગયા હતા. અને તા. ૨૦-૧૦-૨૦૧૦ ના રોજ પટેલ જોઈતારામ ત્રિભોવનદાસના ચિ. સુરેશભાઈ તરફથી આપણા મંદિરમાં હરિભક્તોને રસોઈ અને ઠાકોરજીને થાળ કર્યા હતા.

(યોગેશભાઈ ભગાભાઈ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી

અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ સમક્ષ શ્રાવણ માસમાં ચાંદીના ભવ્ય કલાત્મક હિંડોળામાં શ્રીહરિકૃષ્ણ મહારાજને વિવિધ પ્રકારના હિંડોળા બનાવીને દર્શન કરાવ્યા હતા. અને સાંજે બ્રહ્માનંદ સભા મંડપમાં શ્રીમદ્ ભાગવત દશમસ્કંધની કથા કરવામાં આવી હતી. સંત હરિભક્તોએ કથા શ્રવણનો અલૌકિક લાભ લીધો હતો.

શ્રીકૃષ્ણ જન્માષ્ટમી સમૈયો

પરંપરાગત રીતે વર્ષોથી શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો સમૈયો ઉજવાય છે. સાંજના ૫-૩૦ કલાકે અમદાવાદથી શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-પાર્ષદ મંડળ સાથે સમૈયા પ્રસંગે પધાર્યા હતા. સ.ગુ. બ્રહ્માનંદ સભા મંડપમાં વિશાળ સભામાં પોતાના સિંહાસન (પાટ) પર વિરાજમાન થયા હતા. મૂળીના મહંત સ્વામીએ સ્વાગત પૂજન કરી પુષ્પહાર પહેરાવ્યો હતો. ત્યારબાદ મૂળીના પૂજ્ય વયોવૃદ્ધ સંત સ્વામી બાળકૃષ્ણદાસજી, સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, રામસ્વામી (ધ્રાંગધ્રા) આદિ સંતોએ પુષ્પહાર પહેરાવી સ્વાગત પૂજન કર્યું હતું. મૂળી મંદિરના ટ્રસ્ટી મંડળ અને અગ્રગણ્ય હરિભક્તોએ આરતી ઉતારીને દિવ્ય લાભ લીધો હતો. પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, શા. હરિઓમ્ સ્વામી, સ્વા. જગતપ્રકાશદાસજી, સ્વા. કૃષ્ણવલ્લભદાસજી, શા. રામસ્વામી (ધ્રાંગધ્રા), શા. ભક્તવત્સલદાસજી (લીંબડી) અને મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજીએ સમૈયાનું માહાત્મ્ય સાથે આગામી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉત્સવની રૂપરેખા અને તેમાં હરિભક્તોને તન, મન અને ધનથી સમર્પિત થવા દરેક સંતોએ આવાહન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ સુંદર દ્રષ્ટાંત આપીને રમૂજ સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન સ.ગુ.શા. સ્વામી હરિપ્રકાશદાસજી (ચરાડવા મહંતશ્રી)એ સુંદર રીતે શોભાવ્યું હતું.

અન્ય સંતોમાં કાંકરિયા મંદિરના આનંદ સ્વામી, મુનિ સ્વામી (મહંત સ્વામીના શિષ્ય) જેતલપુરથી સ્વામી વિશ્વપ્રકાશદાસજી અને ગઢપુરના શાસ્ત્રી માધવ સ્વામી (જેમણે શ્રાવણ માસમાં સુંદર કથાનો લાભ આપ્યો હતો.) તથા નરોત્તમભગત આદિ પધાર્યા હતા. કોઠારી સ્વામી આત્મપ્રકાશદાસજીએ આ પ્રસંગે સુંદર વ્યવસ્થા કરી હતી. સભા પૂર્ણ થયા બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની સંધ્યા આરતી ઉતારીને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. (નવલદાન ગઢવી)

શ્રી સ્વામિનારાયણ મંદિર બળોલ (ભાલ)

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના સ.ગુ. દેવાનંદ સ્વામીની જન્મભૂમિ બળોલના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સ.ગુ. દેવાનંદ સ્વામીની શ્રાવણ વદ-૧૦ ના અંતર્ધાન તિથિ નિમિત્તે નવા વાડજના ૩૫ જેટલા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના હરિભક્તોએ કીર્તન ભક્તિ અને મહામંત્ર ધૂન ગામના હરિભક્તો સાથે કરીને સુંદર લાભ આપ્યો હતો.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ વતી, જશુભાઈ ચાવડા)

શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભાશીર્વાદથી અત્રે મંદિરના સંતો દ્વારા સુરેન્દ્રનગર મધ્યસ્થ સેન્ટ્રલ જેલમાં મુસ્લિમ ધર્મનો પવિત્ર તહેવાર રમજાન માસ દરમ્યાન તા. ૧૧-૯-૨૦૧૦ ના રોજ જેલમાં મુસ્લિમકેદીઓને રોજા છોડાવવા માટે તથા

કેદીઓને આવા ગુનાહિત કાર્યો છોડી સાચા કાર્યો કરવા મનનીય પ્રવચન સ.ગુ. કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કરેલ સાથે સમગ્ર ઝાલાવાડ મુસ્લિમ સમાજના ધર્મગુરુ હાજી યુસુફમીયાબાપુ પણ જોડાયેલા. આ રીતે આપણા સંતો દ્વારા કોમી એખલાસનું કાર્ય સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં નોંધરૂપ બનેલું. અત્રે ઉલ્લેખનીય છે કે આપણા સુરેન્દ્રનગર મંદિર દ્વારા અવિરત આવા સમાજ ઉપયોગી, ધર્મ, જ્ઞાતિ, ઉપયોગી કાર્યો પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભાશીર્વાદથી થતા રહે છે. તાજેતરમાં પવિત્ર જન્માષ્ટમી નિમિત્તે અસહ્ય મોંઘવારીમાં લોકોને શુદ્ધ તેમજ સારીને સસ્તી મીઠાઈ, ફરસાણ મળી રહે તેવા શુભ હેતુથી મંદિર દ્વારા ખૂબજ પડતર ભાવે મીઠાઈ, ફરસાણનું આયોજન કરેલું. ખૂબજ મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધેલો. (શૈલેન્દ્રસિંહ ઝાલા

વિદેશ સત્સંગ સમાચાર

નેશવિલ ટેનશી અમેરિકા

અહીંયા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા પ્રેરણાથી સત્સંગ સારો છે. મૂળ સંપ્રદાયના શ્રી નરનારાયણદેવના આશ્રિત પ.ભ. મધુબેન આર. પટેલના નવા મકાનમાં તા. ૯ જુલાઈના તેમના અતિ આગ્રહ ભર્યા આમંત્રણથી લક્ષ્મી સ્વરૂપ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી અત્રે પધાર્યા હતા. જ્યાં ૧૦ જુલાઈના પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં બહેનોની એક ભવ્ય સભા યોજવામાં આવી હતી, જેમાં દૂર દૂરના શહેરો જેવા કે, કુકવીલ, મેમ્ફીસ, કંટુકી અને કોસવીલ આદિ શહેરોમાં વસતા ૧૫૦ જેટલા સત્સંગી બહેનોએ દર્શન આશીર્વાદનો લાભ લઈ જીવનને ધન્ય બનાવ્યું હતું. સત્સંગી બહેનોનો ઉત્સાહ અને પ્રેમ જોઈ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ અહીં ભવ્ય અને સુંદર મંદિર બનશે તેવા રૂડા સંકલ્પ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં ઘણા નવા મુમુક્ષુઓ થયા હતા. (નીતા પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર કલિવલેન્ડ (અમેરિકા)

અહીં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કલિવલેન્ડ ઓહાયો ખાતે સત્સંગી બહેનોના પ્રેમભર્યા આમંત્રણથી ૨૭ જુલાઈ ૨૦૧૦ ના રોજ લક્ષ્મીસ્વરૂપ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા.

૨૮ જુલાઈના મંદિરમાં બહેનોની વિશાળ સત્સંગ સભા થઈ હતી. જેમાં ઘણા બહેનોએ સુંદર મધુર કંઠે નંદ સંતો રચિત કીર્તન ગાયા હતા. અને છેલ્લે સમસ્ત બહેનોને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ રૂડા આશીર્વાદ આપી સૌ બહેનો પર ખૂબજ રાજી થયા હતા.

શિકાગો ઈલીનોઈસ શ્રી સ્વામિનારાયણ મંદિર

૨૯ જુલાઈ ૨૦૧૦ ના રોજ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી કલિવલેન્ડથી બહેનોની ભાવભીની વિદાય લઈ શિકાગો મંદિરના પાટોત્સવ પ્રસંગે પધાર્યા હતા. ૩૦ અને ૩૧ જુલાઈના પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં સાંયકાળની કથામાં પધાર્યા હતા. અને બહેનોને દર્શન આશીર્વાદનો મહા અલૌકિક લાભ આપ્યો હતો. ૧ ઓગસ્ટ ૨૦૧૦ ના રોજ આપણા મંદિરમાં ઠાકોરજીનો મહાભિષેક અને અન્નકૂટ દર્શન કરી બહેનોની ભાવભીની વિદાય લઈ ન્યુજર્સી પધાર્યા હતા.

(અર્પિતા પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન (અમેરિકા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીની પ્રેરણાથી અષાઢ સુદ-૨ ના રથયાત્રા ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. ઠાકોરજીના રથને મંદિરમાં પધરાવીને ભવ્ય ઉત્સવ આરતી કરી રથયાત્રા ઉત્સવ ઉજવ્યો હતો.

અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમાના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન કરી સૌએ ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવ્યો હતો.

અહીં આપણા મંદિરમાં જેતલપુરધામની પૂનમના પદયાત્રાનું જે મહિમા માહાત્મ્ય છે તેજ રીતે ઘણા હરિભક્તો દૂર દૂર વસતા હોવા છતાં પ્રતાપી દેવના દર્શને પૂનમના ચાલતા આવે છે. અને શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ પદયાત્રીના સંકલ્પ પૂર્ણ કરે છે.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દ્વારા પ્રસ્થાપિત દેવ હાજરા હજુર છે તેનો સાક્ષાત્ પરચો દર્શનાર્થીને મળે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી અહીં સત્સંગ ખૂબજ વૃદ્ધિ પામ્યો છે. (રમેશભાઈ પટેલ)

I.S.S.O., U.S.A. પિયોરિયા ચેપ્ટર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા I.S.S.O. નવા ચેપ્ટર પિયોરિયામાં દર રવિવારે નિયમિત સત્સંગ સભા થાય છે. ગુરુ પૂર્ણિમાના પર્વ પ્રસંગે વડતાલ નિવાસી પ.પૂ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. અને સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

આપણા આ નવા ચેપ્ટરમાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ખૂબજ કૃપા આશીર્વાદ છે જેથી સત્સંગીઓમાં શ્રી નરનારાયણદેવ ગાદીની નિષ્ઠા ખૂબજ છે. (રમેશભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર ક્લીવલેન્ડ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ક્લીવલેન્ડ માં પવિત્ર શ્રાવણ માસ માં શીવપુરાણ કથાનું સૌ પ્રથમવાર આયોજન કરાયું હતું. વક્તા પૂ.યોગેન્દ્રભાઈ ભટ્ટ દ્વારા કથાનો સૌ હરિભક્તોએ લાભ લીધો હતો.

આ ઉપરાંત તા. ૨૯ ઓગષ્ટને રવિવારે જન્માષ્ટમીનો ઉત્સવ પણ ખૂબજ ધામધૂમથી સેકડો ધર્મપ્રેમી લોકોની હાજરીમાં ઉજવાયો હતો અને નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી ના ગગન ભેદી નારા સાથે સમગ્ર વાતાવરણ ગુંજી રહ્યું હતું.

(પ્રકાશભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી શ્રીનરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ૨૪ જુલાઈ શનિવારના ગુરુ પૂર્ણિમા મહોત્સવ અત્રેના મહંત શા.સ્વા. ધર્મવલ્લભદાસજી તથા સ્વા. હરિનંદનદાસજીની પ્રેરણાથી ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી, પૂ. બિન્દુરાજા, શ્રીસૌમ્યકુમાર અને શ્રીસુવ્રતકુમાર અને હજુરી પાર્ષદ વનરાજ ભગત સાથે પધાર્યા હતા.

આજે વિશેષ સત્સંગ સભામાં કીર્તન ભક્તિ, ધૂન, ભજન સમૂહમાં થયા હતા. મુખ્ય યજમાન અને સહ યજમાનના પરિવાર દ્વારા બહેનોના વિભાગમાં પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીનું પૂજન અર્ચન કરીને આશીર્વાદ મેળવ્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન સૌ પ્રથમ મહંત સ્વામી અને ત્યારબાદ હરિભક્તોએ કરીને દિવ્ય લાભ લીધો હતો. મહંત સ્વામીએ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી એ આપણા સૌના ગુરુ છે. પૂજન અર્ચન તેમનુંજ થાય અન્ય ગુરુઓ તો આ કળિયુગમાં ઘણા ફૂલ્યા ફાલ્યા છે. આપણા તો આજ ગુરુ અને આજ મોક્ષ દાતા અને કલ્યાણના કરતલ છે. એમ સુંદર મહિમા માહાત્મ્ય કહ્યું હતું અને કહ્યું કે આજે આવા સુંદર અવસરે ધર્મકુળ ધર્મવંશી પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી આ સભામાં વિરાજમાન છે. બહેનો માટે તો આજે સોનાનો સૂરજ ઉગ્યો છે. એમ કહી સૌને સારો ઉપદેશ કથાના રૂપમાં આપ્યો હતો.

પાંચમો પાટોત્સવ ઉજવાયો

આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો પંચમપાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી, પૂ. બિન્દુરાજા, શ્રી સુવ્રતકુમાર, શ્રી સૌમ્યકુમાર અને આપણા પૂજનીય બ્રહ્મનિષ્ઠ સંતો પૂજ્ય શા.સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર), પૂ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર), પૂ. શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા), કોલોનીયા મંદિરના મહંત શા.સ્વા. ધર્મવલ્લભદાસજી, પૂ. હરિનંદનદાસ, ચેરીહીલ મંદિરના મહંત શા. વિશ્વપ્રકાશદાસજી, ન્યુજર્સી મહંત ગવૈયા ચંદ્રપ્રકાશદાસજી અને હજુરી પાર્ષદ વનરાજ ભગત આદિ સંત પાર્ષદ મંડળના શુભ સાનિધ્યમાં પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં ૨૮ ઓગસ્ટ શનિવારના વન વિચરણ કથાની શરૂઆત પૂ. શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. તા. ૨૯ ઓગસ્ટ રવિવારે સવારે મંદિરના ચોકમાં સાત હવન કુંડો દ્વારા પાટોત્સવ અને પારાયણના દરેક યજમાનોએ વિષ્ણુયાગની આહુતિ આપી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ-અભિષેક વેદ વિધિસર સંપન્ન થયો હતો. યજ્ઞ વિધિ શ્રી પિનાકીનભાઈ જાનીએ કરાવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને બ્રહ્મનિષ્ઠ સંતોનું સ્વાગત પૂજન હરિભક્તોએ ક્રમશઃ કરીને આશીર્વાદ મેળવ્યા હતા. સંતોની પ્રેરક આશીર્વાદ વાણી બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ તથા બહેનોને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા.

(પ્રવિણભાઈ શાહ)

શિકાગો ઈલીનોઈસ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અત્રેના મહંત સ્વામી જયપ્રકાશદાસજી અને શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રાવણ માસ ધામધૂમથી ઉજવાયો.

શ્રાવણ માસમાં વિવિધ પ્રકારના બેનમૂન હિંડોળા તેમજ બાર બારણાના દરેક બારણે હિંડોળામાં ઝુલતા શ્રીહરિકૃષ્ણ મહારાજના દર્શન કરી હરિભક્તો પુલકિત થયા હતા.

અહીં પ.પૂ. મોટા મહારાજશ્રીનું આગમન થતા હરિભક્તો અને સંતોએ ઢોલ-નગારા અને વાજીંત્રોના નાદે અભૂતપૂર્વ સ્વાગત સામૈયુ કર્યું હતું. સાથે શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. રાજેશ્વરાનંદજી હતા. ઠાકોરજીના દર્શન કરી પ.પૂ. મોટા મહારાજશ્રી સભામાં પધાર્યા અને સૌ ભક્તોને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. હરિભક્તોએ પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સુંદર સેવા કરી.

શ્રાવણના છેલ્લા સોમવારે શિવ પૂજન અને ગણેશ ચતુર્થીના શ્રી ગણેશજીનું સમૂહમાં પૂજન કરવામાં આવેલ.

જલઝીલણી એકાદશીના શ્રી ગણપતીજીનો વરઘોડો ધામધૂમથી મંદિરના ચોગાનમાં નીકળ્યો હતો. જેના દર્શન દિવ્ય હતા. મહંત સ્વામી જયપ્રકાશદાસજી અને શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજી તથા શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી નો વિદાય સમારંભ હરિભક્તોએ ઉજવ્યો હતો. અને નવા મહંત શા. ધર્મવલ્લભદાસજી અને પૂજારી હરિનંદનદાસજીનું સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું.

(વસંત ત્રિવેદી શિકાગો)

ટોરોન્ટો શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વિતીય પાટોત્સવ

શ્રીહરિની કૃપાથી તેમજ તેમના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવમ્ સમસ્ત ધર્મવંશીની કૃપા આશીર્વાદથી અત્રે કેનેડા શ્રી સ્વામિનારાયણ મંદિરનો દ્વિતીય પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં ૭ ઓગસ્ટ શનિવારના મારૂતિ યજ્ઞ રાખવામાં આવેલ. જેની વિધિ શ્રી વિરલભાઈ મહેતાએ કરાવી હતી. સાંજે પોથીયાત્રા ધામધૂમથી થઈ હતી. અને કથાના વક્તા શાસ્ત્રી સ્વામી સત્યસ્વરૂપદાસજી (જેતલપુરધામ) એ ભક્તિ સભર અને જ્ઞાન સભર કથા કરી હતી.

૮ ઓગસ્ટના ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક-અન્નકૂટ વગેરે વિધિવત થયા હતા. આ પ્રસંગે અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ફોન દ્વારા સર્વે હરિભક્તોને રૂડા આશીર્વાદ આપતા કહ્યું કે આપ સૌનું સ્વાસ્થ્ય સારું રહે, આપની વિશેષ પ્રગતિ થાય અને ભગવાનનું ખૂબજ ભજન થાય અને નિત્યે મંદિરનો લાભ લેવાય તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. અને પ.પૂ. મોટા મહારાજશ્રીના ઈમેઈલથી આવેલ આશીર્વાદ પત્ર પ.ભ. દશરથભાઈ ચૌધરીએ સભામાં સૌને વંચાવ્યો હતો. કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ સર્વે હરિભક્તોએ પ્રસાદ લીધો હતો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃતિ સુંદર ચાલે છે. (શ્રી ન.ના.દેવ યુવક મંડળ, ટોરોન્ટો)

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

તિથિ	શ્રાવણ માસમાં રસોઈ આપનાર	ગામ
શ્રાવણ સુદ-૨	પ.ભ. કૌશલ્યા પ્રફુલચંદ્ર ગોરસીયા પરિવાર (ચુરમાના લાડુ)	માનકુવા-કચ્છ
શ્રાવણ સુદ-૫	પ.ભ. ધરમશીભાઈ વશરામભાઈ (ચુરમાના લાડુ)	સુરત
શ્રાવણ સુદ-૬	પ.ભ. મરઘાભાઈ ચતુરભાઈ બકોરભાઈ પટેલ (હ. પોપટભાઈ મરઘાભાઈ) (ચુરમાના લાડુ)	ઉનાવા
શ્રાવણ સુદ-૭	પ.ભ. નિમેષભાઈ સોની (કષ્ટભંજન જેમ્સ) (મૈસુબ)	અમદાવાદ
શ્રાવણ સુદ-૯	અ.નિ. જીવીબેન પ્રેમજી લાલજી ગોરસિયા (મગસના લાડુ)	સુખપર-કચ્છ
શ્રાવણ સુદ-૧૦	પ.ભ. ડાહીબેન મરઘાભાઈ પટેલ (હ. સુરેશભાઈ પટેલ) (ચુરમાના લાડુ)	વાવોલ
શ્રાવણ સુદ-૧૧	પ.ભ. નરેશ ચિમનલાલ પટેલ (કાજુ બદામનો મૈસુબ)	ડાંગરવા
શ્રાવણ સુદ-૧૨	પ.ભ. પટેલ રમણભાઈ અમીચંદભાઈ (હ. ઘનશ્યામસ્વામી) (બુંદીના લાડુ)	લાલોડા
શ્રાવણ સુદ-૧૩	પ.ભ. પટેલ લાલભાઈ મગનભાઈ (મગસ તથા મોહનથાળ)	ઉનાવા
	પ.ભ. માવજીભાઈ મોહનભાઈ ચાવડા (હ. વનરાજ ભગત) (મોતીયા લાડુ)	આંબલી
	પ.ભ. ખીમજીભાઈ ભગવાનદાસ (હ. રતિભાઈ ટ્રસ્ટીશ્રી) (કાજુ બદામમૈસુબ)	અમદાવાદ
શ્રાવણ સુદ-૧૪	પ.ભ. હરિભાઈ હીરાભાઈ પટેલ (હ. ગોવિંદ સ્વામી) (દૂધપાક-માલપુવા)	મેતપુર
શ્રાવણ વદ-૧	પ.ભ. હેમાંગ માણેકલાલ પટેલ (ચુરમાના લાડુ)	અમદાવાદ
	પ.ભ. દેવશી કરસન (હ. પ્રેમબાઈ મનજી ભૂડીયા)	દહીંસરા-કચ્છ
	પ.ભ. પરસોતમભાઈ ભૂરાભાઈ પટેલ	રાયણીયા
શ્રાવણ વદ-૪	પ.ભ. પુષ્પાબેન નારાયણદાસ સોલંકી (મૈસુબ)	અમદાવાદ
	પ.ભ. પટેલ રમેશભાઈ ડાહ્યાભાઈ, જયંતીભાઈ ડાહ્યાભાઈ (માલપુવા) (અ.નિ. મણીબાના મોક્ષાર્થે)	પોર
	પ.ભ. ધર્મેન્દ્રભાઈ મિતેષભાઈ (રાધનપરા) (દૂધપાક-માલપુવા)	અમદાવાદ
શ્રાવણ વદ-૬	પ.ભ. જયકુમાર વિરલભાઈ ખલાસી (દૂધપાક-માલપુવા)	ખંભાત
શ્રાવણ વદ-૯	સ્વ. હિરાબેન પ્રહલાદદાસ (હ. રાજુભાઈ પ્રહલાદભાઈ) (ચુરમાના લાડુ)	ગાંધીનગર
	પ.ભ. સોની અરવિંદકુમાર તુલસીદાસ (પૂનમજ્વેલર્સ) (દૂધપાક-માલપુવા)	અમદાવાદ
	પ.ભ. સુશીલાબેન રમેશકુમાર પટેલ (ચુરમાના લાડુ)	કુડાસણ
	પ.ભ. મણીલાલ પ્રેમજીભાઈ પટેલ (મોહનથાળ)	સાયલા
	પ.ભ. પટેલ વિરલ અશોકભાઈ (ચુરમાના લાડુ)	કલોલ
શ્રાવણ વદ-૧૦/૧૧	પ.ભ. નરેન્દ્રભાઈ પટેલ પરિવાર (અ.નિ. નટવરભાઈના મોક્ષાર્થે) (મોહનથાળ)	અમદાવાદ
શ્રાવણ વદ-૧૩	પ.ભ. જશુભાઈ હિરાભાઈ પટેલ (ચુરમાના લાડુ)	આકરૂંદ-બાયડ
	પ.ભ. કિરીટસિંહ બળવંતસિંહ, ખુમાનસિંહ બળવંતસિંહ (પિતાશ્રીના મોક્ષાર્થે) (ચુરમાના લાડુ)	ગરોડીયા-સાણંદ
	પ.ભ. ચૌધરી ડાહ્યાભાઈ શંભુભાઈ (ચુરમાના લાડુ)	માણેકપુર
શ્રાવણ વદ-૧૪	પ.ભ. મોરી જશુભાઈ ગોવાભાઈ (બુંદીના લાડુ)	કાલીયાણા
શ્રાવણ વદ-૩૦	શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી (બુંદીના લાડુ)	અમદાવાદ
	પ.ભ. રાઠોડ વિજય ઘનશ્યામભાઈ (બુંદીના લાડુ)	મેમદાવાદ
	પ.ભ. મનજી લધા	માંડવી

શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૦૧/- પરમાર મુક્તાબેન બચુલાલ ધૂળકોટ-વિલેપાર્લા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે

૧૦૧/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ-વિલેપાર્લા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે

૧૦૧/- પરમાર મીનાબેન જગદીશભાઈ ધૂળકોટ-વિલેપાર્લા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે

૫૦૦/- પટેલ ચિંતનકુમાર ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મણીયોર બેંગ્લોર

૨૦૧/- રૂચિતા જગદીશ એલવેલમાં સારા ટકાએ ધૂળકોટ-નાઈરોબી
પાસ થયા તે નિમિત્તે

૧૦૦/- વેકરીયા મંજુલાબેન વિકલભાઈ ગાંધીનગર
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે

૧૦૧/- ચૌહાણ રિષ્ચિબેન ધો-૧૦ માં ૮૮ ટકાએ અમદાવાદ
પાસ થયા તે નિમિત્તે

૧૦૧/- વાધેલા જામુભા કાનજીભા દાદાજીની પુણ્યતિથિ નિમિત્તે ગોધાવી

૧૧૧/- મીસ્ત્રી મોહિત ભાવેશકુમાર જન્મદિન નિમિત્તે અમદાવાદ

૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ જોઈતારામનવું બાઈક લાવ્યા તે નિમિત્તે કુંડાલ

૧૦૧/- વેગડ હિતેષ જયંતીલાલ એન્જીનીયર થયા તે નિમિત્તે વલસાડ

૨૦૦/- ટાંક માવજી મેઘજીના સ્મરણાર્થે જીરાગઢ

૧૦૧/- મારવી હર્ષ યોગેશ ગાડી લાવ્યા તે નિમિત્તે જીરાગઢ

૨૦૧/- મારવી યોગેસ મોતીલાલ જાયલો ૪ વિલ ગાડી લાવ્યા તે નિમિત્તેસુરત

૧૨૫/- અ.નિ. રાકેશભાઈ પ્રહલાદભાઈના સ્મરણાર્થે લાંઘણજ

૧૦૧/- પટેલ પ્રતિક દશરથભાઈ રામદાસ પ્રથમપગાર નિમિત્તે આનંદપુરા

૧૦૦/- ચોટલીયા ભૂપેન્દ્ર રતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ

૧૫૦/- પટેલ મયંકકુમાર મનુલાલ ધો-૧૦ માં સારા ટકાએ ભાવનગર
પાસ થયા તે નિમિત્તે

૧૦૧/- પટેલ રમેશચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર

૧૦૧/- પટેલ નિતીનકુમાર મહેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર

૧૦૧/- કનૈયાલાલ દેવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર

૧૦૧/- પટેલ શિતલબેન દિલીપકુમાર શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર

૧૦૦/- પટેલ નટવરભાઈ નાથાલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે સોજા

૨૫૧/- પટેલ સોમાભાઈ હરજીવનદાસ ચિ. હિમાંશુ, ડેનીસ પલસાણા
અને ડિમ્પલના જન્મદિને

૧૦૧/- રાઠોડ ટીનુબેન ભાણજીભાઈ સગાઈ નિમિત્તે ફાટસર

૧૦૧/- પટેલ મનસુખભાઈ ઉકાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર

૨૫૧/- પટેલ ભીખાભાઈ પરસોતમભાઈના સ્મરણાર્થે માણેકપુર

૧૦૧/- અ.નિ. પ્રેમીલાબેન કુંવરજીભાઈના સ્મરણાર્થે જીરાગઢ

૧૦૧/- પટેલ પ્રવિણચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર

૧૦૦/- સાપરીયા નટવરલાલ ભગવાનજી પુત્રીના જન્મપ્રસંગે મુંબઈ

૫૦૦/- પટેલ વિરાજકુમાર મહેન્દ્રભાઈ નારાયણપુરા-કડી
અમેરિકા સુખરૂપ પહોંચ્યા તે નિમિત્તે

૫૦૦/- પટેલ બિરલ અશોકભાઈ તા. ૨૨-૮-૧૦ ના લગ્ન પ્રસંગે ડિગુંચા

૨૫૧/- પટેલ નિમેષ ભરતભાઈ નવી ગાડી લીધી તે નિમિત્તે અમદાવાદ

૧૦૧/- પટેલ દિશાંતકુમાર જગદીશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા

૧૦૧/- પટેલ દેવ કેતનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે નરોડા

૧૦૦/- વાધેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા

૧૦૦/- પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ

૧૦૦/- પટેલ જગદીશભાઈ રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ

૧૦૧/- મોદી લીલાબેન નટવરલાલ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર

૨૦૧/- શ્રી ધરમપુર પંચ તિથિ યાત્રા સંઘ તરફથી

૨૦૧/- પટેલ જીજ્ઞેશભાઈ ધીરૂભાઈ જેઠાભાઈ નોકરી મળી તે નિમિત્તેડેમાઈ

૧૦૦/- સ્વામિનારાયણ ટેલર્સ ચિ. ચિરાગને નોકરી મળી તે નિમિત્તે દહેગામ

૧૦૧/- પટેલ મેહુલકુમાર શાંતિલાલ પુત્ર જન્મપ્રસંગે ગોઠીબ

૧૦૧/- પટેલ કલ્પેશભાઈ ભગવાનદાસ જન્મદિન નિમિત્તે ગોઠીબ

૧૦૧/- ચૌહાણ જીજ્ઞેશ હરિલાલ ગાડી લાવ્યા તે નિમિત્તે જામસર

૫૦૧/- પટેલ માર્ગીબેન ભાવેશભાઈ ચિ. ધ્રુપના જન્મનિમિત્તે મોટેરા

૧૦૧/- કનુભાઈ શિવાભાઈ નવું સ્કુટર લાવ્યા તે નિમિત્તે કુંડાલવાળા

૧૦૧/- કાછીયા ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ

૧૦૦/- અ.નિ. સમજુબેન મા. પ્રજાપતિ પુણ્ય તિથિ નિમિત્તે બાવળા

૧૦૧/- પટેલ જાગૃતિબેન દિપકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર

૧૦૧/- પોપટ નંદનકુમાર દિપકકુમાર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ

૧૦૧/- વણોલ શૈલેષભાઈ ધીરૂભાઈ રતનપર
ઓપરેશન સફળ થયું તે નિમિત્તે

૧૦૧/- મોદી વિરેન અશોકકુમાર ઓ.એન.જી.સી.માં
નોકરી મળી તે નિમિત્તે સાબરમતી

૧૦૧/- પટેલ હિમાભાઈ ભલાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અસલાલી

૧૦૧/- પટેલ કૌશિકભાઈ નટવરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અસલાલી

૧૦૧/- પટેલ ચેતન કેશવલાલ સગાઈ નિમિત્તે અમદાવાદ

૧૦૦/- પટેલ ધૈર્ય મયુરભાઈ જન્મદિન નિમિત્તે મોટપ

૧૫૧/- ચિ. હેલી બ્રિજેશભાઈ જયંતીભાઈ પટેલના ધરમપુર-મેમનગર
સ્મરણાર્થે (તા. ૨૬-૮-૧૦)

૧૦૧/- પટેલ રવિન્દ્ર જીવાભાઈ ૬૦ મી વર્ષ ગાંઠ નિમિત્તે નરોડા

૧૦૦૦/- સુહાગીયા જનક ઘનશ્યામભાઈ પીઠવડીવાળા-અમદાવાદ
શ્રી નરનારાયણદેવની કૃપાથી નવી જોબ મળી તે નિમિત્તે

૧૦૦/- ભાવસાર કૃણાલ જીતેન્દ્રકુમાર શાંતિલાલ નવા વાડજ
ડીગ્રી ઈ.સી. પાસ થયા તે નિમિત્તે

૧૦૧/- ઉપાધ્યાય કુમુદચંદ્ર જગન્નાથ જન્માષ્ટમી નિમિત્તે અમદાવાદ

૧૦૧/- અ.નિ. રસિકભાઈ ભઈજીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ

૧૦૧/- મીસ્ત્રી હેમાંગ કિરીટભાઈ પુત્ર જન્મપ્રસંગે વાપી

૧૦૧/- મીસ્ત્રી હાર્દિક કિરીટભાઈ પુત્રના જન્મપ્રસંગે વાપી

૧૦૧/- દલાલ મનોજ ઘનશ્યામભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ

૧૫૧/- સુહાગીયા અરવિંદભાઈ મનુભાઈ અમદાવાદ
ચિ. સુમિતના ચાંદલા નિમિત્તે

૧૦૧/- મોદી અમૃતલાલ મગનલાલ જન્માષ્ટમી નિમિત્તે અમદાવાદ

૧૦૧/- પટેલ કેશવલાલ શંકરભાઈ પુણ્યતિથિ નિમિત્તે ઉનાવા

૧૦૧/- પટેલ શાંતાબેન કેશાભાઈ પુણ્ય તિથિ નિમિત્તે ઉનાવા

૧૦૧/- નરનારાયણ ટીમ્બર માર્ટ નવું એકટીવા લીધુ તે નિમિત્તે અમદાવાદ

૧૧૧/- મોદી નટવરલાલ ઈશ્વરલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ

૧૦૧/- પટેલ જૈમિની કનૈયાલાલ બી.ઈ.માં એડમીશન નિમિત્તે પોર

૧૦૦/- પટેલ આશાબેન હરેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધનસુરા

૧૦૦/- પટેલ રતિલાલ અમરશી વોલ ટાઈલ્સ સિરામીકમાં પાર્ટનર તરીકે જુના દેવળીયા
૧૫૧/- અમીન શોભનાબેન અરવિંદભાઈ દહેગામ
ચિ. વિરલને લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૧/- પટેલ ચિરાગભાઈ રાવજીભાઈ નવું એકટીવા અમદાવાદ
લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પરમાર રણછોડભાઈ કરશનભાઈ બળોલવાળા
પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી નિમિત્તે
૧૦૦/- અ.નિ. ઉષાબેન દશરથભાઈ પટેલના સ્મરણાર્થે અસલાલી
૧૦૧/- પટેલ જીજ્ઞેશકુમાર ગોરધનભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે કલોલ
૧૦૧/- શાહ જલ્પેશ હિતેન્દ્રભાઈ અમૃતલાલ બળોલવાળા
I.C.W.A. માં પાસ થયા તે નિમિત્તે
૨૦૧/- ચાવડા દિનેશભાઈ મનુભાઈ બળોલવાળા
ચિ. રાજવિરસિંહના જન્મદિન નિમિત્તે
૧૦૧/- પટેલ મિતેષકુમાર શરદભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે ઉવારસદ
૧૦૧/- વઢેલ રણજીતસિંહ ઘનશ્યામભાઈ અસારવા
ચિ. હિરવાના પ્રથમજન્મદિન નિમિત્તે
૧૦૦/- પટેલ દક્ષ પ્રવિણભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ

૨૫૧/- જાકાસણીયા સવિતાબેન અમૃતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જેતપર મચ્છુ
૧૧૧/- વરૂ હર્ષ રાજેશભાઈ ૧૧ માં જન્મદિન નિમિત્તેજીરાગઢ- અમદાવાદ
૨૫૧/- પટેલ રાજેશકુમાર મંગળભાઈ પુત્ર જન્મપ્રસંગે વાવોલ
૧૧૧/- વરૂ દર્શન રાજેશભાઈ જીરાગઢ- અમદાવાદ
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- ગોહિલ દેવેન્દ્રભાઈ ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જામસર
૨૦૧/- પટેલ જેઠાભાઈ બબલદાસ ચિ. મનન, ચિ. ડિમ્પલ ડાંગરવા
અને સંગીતા સારા ગુણે પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- ઠાકોર લક્ષ્મણજી સોમાજી પૌત્ર જન્મપ્રસંગે બોપલ
૧૦૧/- પટેલ ઘનશ્યામભાઈ ખોડીદાસ શ્રીજી પ્રસન્નાર્થે વડુ
૧૦૧/- પટેલ ઘનશ્યામભાઈ રામદાસ ચિ. પુત્ર જતીનના લગ્ન પ્રસંગે ડિગુંચા
૧૧૧/- મોદી અશ્વિનકુમાર નટવરલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૫૧/- ફડીયા કમળાબેન કાંતિલાલ મકાન વેચ્યું તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પરીખ નીતાબેન આર. નવી ગાડી લાવ્યા તે નિમિત્તે દહીંસર-મુંબઈ
૧૦૧/- ખેર નાનુભાઈ ઠાકરસીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સાયલા (બળોલ)
૧૦૦/- કથીરીયા ભાવેશ વિનુભાઈ અમદાવાદ
નવું સિલાઈ મશીન લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- ઠક્કર ખુશાલ વિશનજી શ્રીજી પ્રસન્નાર્થે ભુજ (કચ્છ)

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

મોખાસણ : શ્રી સ્વામિનારાયણ મંદિર મોખાસણના ટ્રસ્ટીશ્રી અને શ્રી નરનારાયણદેવ અને ગાદીના ખૂબજ નિષ્ઠાવાળા પ.ભ. પ્રવિણભાઈ પટેલના પિતાશ્રી પ.ભ. શંકરભાઈ વેણીદાસ પટેલ ભાદરવા સુદ-૧૧ ને તા. ૧૯-૯-૨૦૧૦ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

દેઉસણા (હાલ અમેરિકા) : શ્રી નરનારાયણદેવ અને ગાદીને પૂર્ણ વફાદાર અને નિષ્ઠાની પરિપકવતા વાળા અને ઉત્તર ગુજરાતના સત્સંગનો સ્થંભ એવા પ.ભ. ગોકળબાપા શ્રાવણ વદ અમાસને તા. ૮-૯-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

દોલારાણા વાસણા : પ.ભ. બળદેવભાઈ ભીખાભાઈ ચૌધરી તથા પ.ભ. જીવણભાઈ રણછોડભાઈ ચૌધરી શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ-મેમનગર : પ.ભ. બ્રિજેશભાઈ જયંતીભાઈ પટેલ (ધરમપુર ખાખરીયાવાળા) ના ચિ. સુપુત્રી હેલી ખૂબજ નાની વયે તા. ૨૬-૮-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વસઈ ડાભલા : પ.ભ. કૌશિકભાઈ દુર્લભદાસ ભાવસાર તા. ૮-૮-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મકાખાડ : પ.ભ. હિરાબેન છગનભાઈ ચૌધરી તા. ૪-૮-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વહેલાલ : પ.ભ. વિષ્ણુભાઈ અંબાલાલ પટેલ તા. ૧૯-૮-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વિહાર : પ.ભ. નાથીબેન મંગળદાસ પટેલ તા. ૧૭-૯-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. વિપુલભાઈ રાવજીભાઈ ના માતુશ્રી પ.ભ. મધુબેન રાવજીભાઈ તા. ૫-૭-૨૦૧૦ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. જયંતીભાઈ લાલજીભાઈ પટેલ (દેવપુરાવાળા) ના માતુશ્રી પ.ભ. અમૃતબેન લાલજીભાઈ પટેલ તા. ૨૦-૯-૨૦૧૦ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



૧. ધ્રાંગધ્રા (ઘાંચીવાડ) બહેનોના મંદિરમાં હિંડોળા દર્શન ૨. શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ દર્શન. . ૩. જમીયતપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસમાં ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૪. શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી જન્માષ્ટમીના સમૈયા પ્રસંગે શ્રી રાધાકૃષ્ણ દેવની આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી. ૫. પ.પૂ. મોટા મહારાજશ્રીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે પ્રસાદીનો બાજોટ અર્પણ કરતાં અ.નિ.દયારામભાઈ જાદવ પરિવાર (જોરાવરનગર). ૬. બોસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વામન અવતાર તથા ફુલના શણગારમાં શ્રી ઘનશ્યામ મહારાજ. ૭. સુરેન્દ્રનગર મધ્યસ્થ સેન્ટ્રલ જેલમાં કેદીઓને સદુપદેશ આપતાં કોઠારી કૃષ્ણવલ્લભ સ્વામી સાથે હાજી યુસુફમીયા બાર અને જેલર સાહેબશ્રી. ૮. પ.ભ. રાજેશભાઈ વિઠ્ઠલભાઈ શાહના મર્હુમી લેબલ્સ પ્રા.લી.ને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા મા.મંત્રીશ્રી દિનશા પટેલ એપ્રિસેશન એવોર્ડ અર્પણ કરતાં.

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003/9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ઐતિહાસિક નગર ઈડરધામને આંગણે સર્વ પ્રથમ
શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાતમાં વંશજ
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો









તા. ૧૭-૧૦-૨૦૧૦ રવિવાર (વિજ્યાદશમી)

સમગ્ર મહોત્સવનું લાઈવ પ્રસારણ : www.swaminarayan.in

જન્મોત્સવનું શુભ સ્થળ

શ્રી સ્વામિનારાયણનગર શ્રીજી બાયોસીડ્સ, જી.ઈ.બી.ની બાજુમાં, ઈડર, લાલોડા રોડ, જી. સાબરકાંઠા.

આયોજક : સ.ગુ. મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા સાબરકાંઠા સત્સંગ સમાજ

શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર, દરબારગઢ પાસે, ફોન : (૦૨૭૭૮) ૨૫૦૩૬૪, મો. ૯૮૭૯૩૭૦૪૫૭

Museum Year
March 2010 - March 2011

shree swaminarayan museum

ઈ.સ.૨૦૧૦-૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ"

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી માર્ચ ૨૦૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ" તરીકે જાહેર કરવામાં આવે છે.

ઉદ્ઘાટન ૮મી માર્ચ ૨૦૧૧

સંવત ૨૦૬૭ ફાગણસુદ ૭મી શ્રી નરનારાયણ દેવનો પાટોત્સવ

www.swaminarayanmuseum.com/org

Jagdish Offset
Praful Kharsani